Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨૦ • તા.૧૧ મે થી ૧૭ મે ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

## શ્રી સુથરી તીર્થ મણિમંડન, તીર્થપતિ, ૨૩માં તીર્થંકર પરમાત્મા, દેવાધિદેવ

# શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયની ૧૭૫મો ધ્વજારોહણ



આપણાં પુણ્યાનુબંધી પરમ પુણ્યોદયે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠા વિ.સ.૧૮૯૫, વૈશાખ સુદ ૮ રવિવારના શુભમુહુર્તે, અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી મુક્તિસાગરસૂરીશ્વરજી મ.સાના વરદ્ હસ્તે આજથી ૧૭૪ વર્ષ પૂર્વે સંપન્ન થઇ હતી.

આ વરસે ૧૭૫મી ધ્વજારોહણનો કાર્યક્રમ, ગુરૂવાર તા.૧૭.૫.૨૦૧૩ ને વૈશાખ સુદ-૮ના રાબેતા મુજબ સંપન્ન થશે. આ ચોમાસામાં જો વરસાદ બરોબર પડ્યો તો ૧૭૫મા વરસની ઉજવણી અને ૧૭૬મા ધ્વજારોહણના કાર્યક્રમ અંગે આગળ જતાં જાહેરાત કરવામાં આવશે.

વર્તમાને દુષ્કાળના ઓળા હેઠળ પાણી, અને ઘાસચારાની તીવ્ર અછત અને તંગીને લીધે આ કાર્યક્રમ સાદાઇથી યોજી ઘાસચારા અને દાણા-પાણીથી રીબાતા તરફડતા કુતરા, કબુતર, પક્ષીઓ, પશુધન સહિત પ્રાણીઓની સુશ્રુષાર્થે સુથરીમાં અબડાસામાં કચ્છમાં ગામોમાં લીલોચારો નાખવાનું, અવાડો ભરાવવાનું, કુતરાને રોટલા અને પક્ષીઓને ચણ નાખવાના જીવદયા અને અનુકંપાના કાર્યો કરવાનું ટ્રસ્ટબોર્ડ વિચાર્યુ છે.

ગરમીના સમય દરમ્યાન કચ્છના ગામોમાં શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયની ૧૭૫મી વરસગાંઠ નિમિત્તે જીવદયાના અનુષ્ઠાન દ્વારા જિનભક્તિ કરવાનો શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયના ટ્રસ્ટબોર્ડે નિર્ણય લીધેલ છે.

।। જય ગૌભક્ત શ્રીશંભુ મહારાજ શ્રી ।।

# અંતરના હાર્દિક અભિનંદન



## અ.સૌ. ડોલી (હીના) સ્વરાજ લબ્ધિ કુમાર મોમાયા
## (જખૌ-ગાંધીધામ)

અમારા પરિવારના કુળવધુ અ.સૌ. ડોલી સ્વરાજ મોમાયાને M.B.A. માં ઊચ્ચ ગુણાંક મેળવી ગુજરાત યુનિવર્સિટીમાંથી ઊતીર્ણ થવા બદલ અંતરના અભિનંદન તેમજ અમારા કુળ, કુટુંબ અને સમસ્ત મોમાયા પરિવારનું નામ રોશન કરેલ છે આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન ! ભાવિમાં પણ ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ....

• અમી આશિર્વાદ •

**માતુશ્રી મીઠીબાઇ ભવાનજી કાનજી મોમાયા સમસ્ત પરિવાર (જખૌ)**

-: સૌજન્ય :-

**શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર**
**શ્રીમતી સીમાબેન લબ્ધિકુમાર મોમાયા (ગાંધીધામ)**
**સન ડેવલોપર્સ-ભુજ (કચ્છ)**

**આદ્યતંત્રીઓ**
"**પ્રકાશ**"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"**સમીક્ષા**"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"**પ્રકાશ સમીક્ષા**"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી - 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 20 / 2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## તંત્રી સમીપે....

# અનંતનાથજી ટ્રસ્ટની સ્થાવર મિલકતોની સર્વગ્રાહી વિચારણા

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ગત ૧૨.૪.૧૩ના બોલાવેલ જ્ઞાતિસભામાં તેમના તરફથી ટ્રસ્ટની કેટલીક સ્થાવર મિલકતો વિશે માહિતી આપવામાં આવી હતી. ટ્રસ્ટીઓએ, ત્રણ વર્ષના અંતે પ્રથમવાર અને તે પણ, તે દરમ્યાન જ્ઞાતિમાં અનેક શંકા-કુશંકાઓ સર્જાયા બાદ જ્ઞાતિ સાથે સંપર્ક સાધવાનો પ્રયત્ન કર્યો છે તે પાછળ શું કારણ હતું કે તેની પ્રણાલિકા ભવિષ્યમાં જળવાશે કે કેમ તે તો આવનાર સમયજ કહી શકશે. અલબત, ટ્રસ્ટીઓએ આ સભા સ્વેચ્છાએ બોલાવી ન હતી પણ તેમના નજીકના કેટલા સાથીઓએ મુખ્ય ટ્રસ્ટીઓને ચેતવણી આપેલી કે ટ્રસ્ટીઓ આ સભા નહીં બોલાવશે તો તેઓ જ આવી સભાનું આયોજન કરશે, એવા નિર્દેશો મળી રહ્યા છે, તે જુદી વાત છે.

કોઈપણ સંસ્થા કે ટ્રસ્ટના સંચાલકો તેના સભ્યો કે લાભાર્થીઓ અને અગ્રણીઓ-કાર્યકર્તાઓને વિશ્વાસમાં લઈને પોતાની પ્રવૃત્તિઓનો દોર આગળ ધપાવવાની પ્રણાલિકા જાળવતા હોય તો તેમની વિશ્વસનીયતા અવશ્યપણે મજબૂત બનતી હોય છે. ત્રણ વર્ષ અગાઉ, આ ટ્રસ્ટબોર્ડ તેમજ મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિમાં આ યુવા શક્તિનો પ્રવેશ-સંચાર થયો ત્યારે સમગ્ર જ્ઞાતિમાં અનેરા આશા-આકાંક્ષાઓના ઘોડાપુર સર્જાયા હતા. પરંતુ એકાદ વર્ષ પછીજ, ખાસ કરીને ટ્રસ્ટના વહિવટમાં આ યુવા સંચાલકોની કાર્યશૈલી ક્રમશઃ વધારે ને વધારે બીનપારદર્શક બનતી ગઈ. તેને કારણે જ્ઞાતિજનો અને તેથી વિશેષ, તેમના એક સમયના ઘનિષ્ઠ સહકર્મીઓથી તેમનું અંતર વધતું ગયું.

વર્તમાન ટ્રસ્ટીઓ અને સ્વાભાવિક રીતે મહાજનશ્રીના અધિકારીઓને આ વસ્તુ પરિસ્થિતિની ગંભીરતા મોડે-મોડે પણ સમજાઈ હોય તેને કારણે અથવા તો ઉપર દર્શાવ્યું તેમ તેમને હજીપણ સમર્થન આપતા કેટલાક અગ્રણીઓએ આવી સભા બોલાવવા દબાણ કર્યું હોય તે કારણે કે એ બન્ને કારણોસર ઉક્ત સભા બોલાવવામાં આવી હોય તેની ચર્ચા હાલપૂરતી ટાળીએ, તેમ છતાં આ સભાના વસ્તુલક્ષી દ્રષ્ટીકોણથી એકજ વાક્યમાં મુલવણી કરવી હોય તો, આ સભાને લીધે કે તે યોજવા છતાં ટ્રસ્ટીઓ, તેમણે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન દાખવેલ અપારદર્શક અભિગમમાંથી બહુ ઓછા અંશે બહાર આવી શક્યા છે તેમ ચોક્કસપણે કહી શકાય તેમ છે.

આ સભામાં, ટ્રસ્ટબોર્ડ તરફથી મસ્જીદબંદર-માંડવીમાં આવેલ ટ્રસ્ટની દસેક મિલકતો વિશે જરૂરી આકડાંકીય માહિતી આપવામાં આવેલ અને તે મકાનોના સમારકામ ઈત્યાદિ બાબતે છ કરોડ જેટલો ખર્ચ હોવાનું તેમજ ટ્રસ્ટ પાસે તે માટે ફંડની જોગવાઈ ન હોવાનું અને આ સમારકામ નહી કરવામાં આવશે તો મ્હાડા એ મિલકતો અધિગ્રહણ કરશે તેવું ચિત્ર રજુ કરવામાં આવ્યું.

ટ્રસ્ટીઓએ, પોતાના શરૂઆતના પહેલાજ વહિવટી વર્ષમાં ટ્રસ્ટની તમામ મિલકતો વિશે, તેના રાબેતાના આવક-ખર્ચ, તેની જાળવણી માટે સંભવિત ખર્ચ, તેના પુનર્વિકાસ અને અન્ય સર્વ પાસાંઓની સમગ્રતયા વિચારણા કરી

હોત અને તેને પરિણામે ટ્રસ્ટની દરેકે દરેક મિલકત વિશે પ્રસ્તાવિત યોજનાની રૂપરેખા તૈયાર કરી હોત અને જ્ઞાતિસમક્ષ રજુ કરી હોત તો ઉક્ત મિલકતો વિષયક આવી પરિસ્થિતિ નિર્માણ થઇ ન હોત તેની સૌ પ્રથમ નોંધ લેવી જોઇએ.

હકીકતમાં, ટ્રસ્ટીઓ ત્રણ-ત્રણ વર્ષ સુધી, જેની કાનૂનીરીતે સ્પષ્ટ જોગવાઇ છે, તેના અનુપાલનરૂપે ટ્રસ્ટના અંદાજપત્રો ઘડવાની પણ તસ્દી લીધી નથી અને ૮૦થી૧૨૫ વર્ષ જુની આ મિલકતો, જે આપણી જ્ઞાતિના મૂળભુત આસ્થાસ્થાન, શ્રી અનંતનાથ જિનાલયની નજીક આવેલી છે અને જેમાં મોટા ભાગના મકાનોમાં આપણાં જ્ઞાતિજનો વસવાટ કરી રહ્યા છે અને આ જ્ઞાતિજનોની આ વિસ્તારમાં મુખ્ય ઉપસ્થિતિજ આ જિનાલયની સુરક્ષા માટે કારણભૂત બની રહેલ છે. તે મિલકતોના સમારકામ જેવી બાબતે થનારા ખર્ચ જેવી બિન મહત્વની વાતપર ભાર મુકવાને બદલે, તેમનો પુનર્વિકાસ કરવો હોય તો કેટલા ફંડની જરૂર છે તેની વિગતવાર માહિતી ટ્રસ્ટીઓએ જ્ઞાતિ સમક્ષ મુકવાની જરૂર હતી. તે એટલા માટે કે, મુંબઇ જેવા મહાનગરમાં આપણી જ્ઞાતિની ગૌરવશીલ અસ્મિતાના પ્રતિકસમ આ મિલકતોનું કોઇપણ ભોગે જતન-જાળવણી થાય અને તેમનું અસ્તિત્વ જળવાઇ રહે. એ માટે ઓછામા ઓછા ચારસોએક જ્ઞાતિકુટુંબોનો વસવાટ તેની આસપાસના વિસ્તારમાં રહેવો જ જોઇએ એવી નિશ્ચયાત્મક ભૂમિકા લઇને આમ મકાનોના પુનર્વિકાસને સૌપ્રથમ પ્રાધાન્ય આપવું જોઇએ. તેને બદલે અનંતછાયા જેવી ૫૦વર્ષ જુની અને નજીવા મરામત-સમારકામ દ્વારા હજી બીજા ત્રીસ-ચાલીસ ટકી શકે તેવી પરામાંની મોકાની મિલકતોનો નિકાલ કરવાની કાર્યવાહી ટ્રસ્ટીઓએ કરી, અને તે પણ સમગ્ર જ્ઞાતિની ભાવનાને ઠેસ પહોંચાડી ને એટલુંજ નહી તે બાબત ખાનગી માલિકોને જેમ અપારદર્શક કાર્યપદ્ધતિ અખત્યાર કરી, તે વિશે ટ્રસ્ટીઓની જેટલી આલોચના કરીએ તેટલી ઓછી છે.

ઉક્ત સભામાં ટ્રસ્ટીઓએ કાંજુરમાર્ગ અને ભાંડુપની મિલકતો વિશે કાંતો અધુરી માહિતી આપી છે. અથવા તો ભુલભરેલી રજુઆત કે ગેરરજુઆત કરે છે તેની ગંભીરતાને એટલી જ ઉલ્લેખનીય ગણવી જોઇએ.

કાંજુરમાર્ગની કુલ્લ ૧૩૮૦૦ ચો.મીટરની જમીનમાંથી હાલ લગભગ ૨૩૦૦ ચો.મીટર જમીનપર બંધાયલા મકાનો ઊભા છે. જાન્યુવારી ૨૦૦૪માં, તે વખતના ટ્રસ્ટબોર્ડે આશરે ૬,૯૦૦ ચો.મીટરની જમીન, જે તે વખતમાં લાગુ થતા અરબન લેન્ડ સિલિંગ એક્ટ (શહેરી જમીન ટોચમર્યાદા ધારા) હેઠળ વધારાની જમીન લેખાતી હતી, તેનો શૈક્ષણિક હેતુસર ઉપયોગ કરી શકાય તે મતલબનો સરકારી હુકમ મેળવ્યો હતો. અલબત, હવે તે લેન્ડ સિલિંગ કાયદો કાયદાપોથીમાં રહ્યો નથી. પરંતુ અન્ય કેસમાં મુંબઇ હાઇકોર્ટે આપેલ ચુકાદાનો આધાર લઇએ તો તે કાયદા હેઠળ એકવાર થયેલ હુકમને, (અપીલ રીટ પીટીશન વિગેરેમાં અગર કોઇ આખરી હુકમ થયા હોય તો તેને આધિન) ટાળી શકાતો નથી. તે દ્રષ્ટીએ એ ૬,૯૦૦ ચો.મીટરનો શૈક્ષણિક હેતુસરજ ઉપયોગ કરી શકાય, પછી ભલે આપણું ટ્રસ્ટ કે અન્ય કોઇ અધિકૃત ખરીદી ડેવલપમેન્ટ કરારની રૂએ આવેલ પાર્ટી તેને તે હુકમ બંધનકર્તા રહે છે. અલબત, ઉક્ત ચુકાદામાં જે તથ્યો-હકીકતો હતા તે આપણને લાગુ પડતા નથી તેવા મતલબની સરકાર સમક્ષ રજૂઆત કરીને કે અન્ય રીતે કાયદેસરની ભૂમિકા લઇને, તેવા શૈક્ષણિક ઉપયોગને બદલે રહેણાંકના હેતુસર તેનો ઉપયોગ કરી શકાય કે કેમ તેની શક્યતા તપાસવા કાનૂની અભિપ્રાય મેળવીને કાર્યવાહી કરી શકાતી હોય તો તે પણ તપાસવાની જરૂર છે.

આ ૬,૯૦૦ ચો.મીટરની જમીનનો મુદ્દો બાજુ પર મુકીએ તો પણ, તે ૬,૯૦૦ ચો.મીટર અને બાકી રહેલી આશરે ૪,૬૦૦ ચૌ.મીટર જમીન સહિત કુલ ૧૧,૫૦૦ ચો. મીટર, જમીનમાં ડિસ્ટ્રીક્ટ સેન્ટર, ફ્લાવર માર્કેટ, ડિસ્ટ્રીક્ટ કમ્યુનિટી ઝોન, ૨૭.૪૫

મીટર પહોળા ડીપી રોડ, નાળા, કુવા, પાઇપલાઇન, ઇલેક્ટ્રીક ટ્રાન્સમિશન લાઇન તથા કોસ્ટલ એરીયા રેગ્યુલેશન ઝોન વિગેરે પરિબળો કઇ રીતે અસરકર્તા બને છે કે તથા ડેવલપમેન્ટ પ્લાન હેઠળનાં ઉક્ત રિઝર્વેશન ઇત્યાદીને લીધે નિર્મિત થતા ટી.ડી.આર (ટ્રાન્સફર ઓફ ડેવલપમેન્ટ રાઇટ)ના જે હક્કો ટ્રસ્ટને પ્રાપ્ત થાય છે તેની હાલના બજારભાવે કેટલી કિંમત અંદાજી શકાય તેની માહિતી ટ્રસ્ટીઓએ ઉક્ત સભામાં આપી ન હતી.

કાંજુરમાર્ગની આ શૈક્ષણિક હેતુસર પરવાનગી અપાયેલ (૬,૯૦૦ ચો.મીટર) જમીનપર ત્રણથી ચારનો એફ.એસ.આઇ. સહેલાઇથી પ્રાપ્ત થાય છે. તે હિસાબે ઓછામાં ઓછા ૨ લાખ ચો.ફૂટ જેટલા બાંધકામની ક્ષમતા ધરાવતી આ આંશીક જમીનની ઓછામાં ઓછી કિંમત રૂપીયા ૮૦ થી ૧૦૦ કરોડ જેટલી આંકી શકાય. હકીકતમાં તો આખો પ્લોટ એવા અગવડભર્યા ઠેકાણે આવેલો છે અને તેની આજુબાજુ જે પ્રકારના બાંધકામ અને વસતી છે તેમજ તેનો એપ્રોચ રોડ એટલો અગવડભર્યો છે કે પ્લોટપરના આપના કુંટુબોને ભાંડુપ (અનંતસિદ્ધિ)ની જમીનનો જ્યારે પણ પુનર્વિકાસ થાય ત્યારે ત્યાં સ્થળાંતર કરાવી આ આખો ૧૩૦૦૦ ચો.મીટરનો પ્લોટ વેચી નાખો જોઇએ. એ રીતે જે શૈક્ષણિક ટ્રસ્ટ / સંસ્થા (આપણી જ્ઞાતિ સિવાયના અને ખાસ કરીને રાજકારણીઓ સંચાલિત) આ આખો પ્લોટ તેવી સંસ્થા / ટ્રસ્ટ હસ્તકની શાળા / કોલેજમાં આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે ફીમાં રાહત કે અમુક ક્વોટા આપવાની શરતે ખરીદવા ઇચ્છુક હોય તો ઉક્ત ૮૦ થી ૧૦૦ કરોડ રૂપિયા ઉપરાંત પણ જે રકમ આવે તેમાં હાલના કુટુંબોને ભાંડુપમાં સ્થળાંતર કરાવવાની લાગત ગણ્યા બાદ બાકીની આવક ટ્રસ્ટને કરી આપી શકે છે જેમાંથી ટ્રસ્ટની અન્ય મિલકતોના વિકાસના વિકલ્પોની પણ વિચારણા થઇ શકે.

તેવીજ રીતે, ગેરકાનૂન રીતે બનાવડાવેલ કથિત દસ્તાવેજોને આધારે કેટલીક અનધિકૃત વ્યક્તિઓ ટ્રસ્ટની કાંજુરમાર્ગની ઉક્ત જમીનપર દાવો કરી રહી છે. તે વિશે સિટી સિવિલ કોર્ટમાં બે દાવાઓ ચાલી રહ્યા છે. તેમજ તે ઉપરાંત, ટ્રસ્ટની માલિકીમાં પરિણમતા ઉપર ઉલ્લેખાયેલ ટી.ડી.આર. હકોનું વેચાણ કરવા માટે પણ અમુક વ્યક્તિઓએ કરારનામાં શુધ્ધાં કર્યાં છે જે વિશે હાઇકોર્ટમાં પણ એક દાવો ચાલી રહ્યો છે તેની માહિતી પણ ટ્રસ્ટીઓએ ઉક્ત સભામાં આપી ન હતી તે હકીકત પણ તેમની અપારદર્શક કાર્યપદ્ધતિ છતી કરે છે.

એકાદ વર્ષથી ટ્રસ્ટીઓને હાઇકોર્ટમાં ચાલતા ઉક્ત દાવાની જાણકારી હોવા છતાં તેમણે તે ટી.ડી.આર. હક્કોનું સંરક્ષણ કરવા કોઇ અસરકારક કાર્યવાહી કરી નથી તે નિષ્ક્રિયતા પણ ટ્રસ્ટના વહીવટમાં તેમની ગંભીર નિષ્કાળજી છતી કરે છે, તેટલું જ કહીએ તો પણ તે અધુરૂં ગણાય તે એ રીતે કે જ્ઞાતિજનો સમક્ષ ટ્રસ્ટની મિલકતો વિશે મહત્વની જરૂરી માહિતી આપવા ઉક્તસભા બોલાવવાનો અને જ્ઞાતિનું માર્ગદર્શન મેળવવાનો તેમનો પ્રમાણિક આશય હોય તો ઉક્ત સભામાં ટ્રસ્ટીઓએ ઉક્ત માહિતી રજુ કરી તે મુંજવણ અંગે સૂચનો-માર્ગદર્શન મેળવી શક્યા હોત.

ઉક્ત સભામાં, ભાંડુપમાં 'અનંતસિદ્ધિ' તરીકે ઓળખાતી જમીન વિશે પણ ટ્રસ્ટીઓએ ઉપયુક્ત પરિસ્થિતીની રજુઆત ન કરી તેની ગંભીરતા પણ ઓછી આંકવી ન જોઇએ. ટ્રસ્ટીઓએ તે સભામાં એ પ્રકારનો નિર્દેશ આપ્યો કે 'અનંતછાયા' ની જેમ 'અનંતસિદ્ધિ'ની જમીનનું વેચાણ કરાય તો જ ભાડુતોને નવા ફ્લેટમાં ઓનરશીપ હક્ક આપી શકાય, તે સિવાય તેનું રિડેવલપમેન્ટ થઇ શકે જ નહી. આ પ્રકારના નિવેદનોના પાયામા કાં તો ટ્રસ્ટીઓ સાચી કાનૂની પરિસ્થિતીથી વાકેફ નથી તેવું માની લેવું જોઇએ અથવા તો તેઓ જાણીબૂઝીને ગેરરજૂઆત કરીને પોતાનો ગુપ્ત એજન્ડા (બહુચર્ચિત રૂા. એકસો કરોડનું ફંડ ઊભું કરવાનો)ને આગળ વધારવા કૃતનિશ્ચયી હોય એમ ચોક્કસ નિર્ષ્કષપર આવવું જોઇએ.

મુંબઇના પરાઓમાં સહકારી હાઉસીંગ સોસાયટીઓ પોતાની જમીનનો પુનર્વિકાસ કરાવડાવે છે. તેમાં તેમની મિલકતના વેચાણ કરી માલિકી

હક્ક ગુમાવવાનો પ્રશ્ન ઊભો થતોજ નથી, તેમાં તો ડેવલપર પોતાના હિસ્સાના ફ્લેટો વેચીને પ્રોજેક્ટમાંથી બહાર નીકળી જાય છે, ભવિષ્યનાં કોઈપણ લાભ કે હક્ક તેને મળતા નથી. એ તો મુળ માલિક એવી તે હાઉસિંગ સોસાયટીની તરફેણમાં અંકબંધ રહે છે.

એ જ રીતે, ટ્રસ્ટની મિલકતનો પુનર્વિકાસ કરવો હોય તો ભાડુતોને નવા મકાનમા પુનર્વસવાટ અપાવી શકાય છે, તે ડેવલપર જો પોતાના હિસ્સાના મુક્ત વેચાણના ફ્લેટો માટે જે મકાન કે ટાવર બનાવે તેની સાથે જોડાયેલ જમીનનો ભાગ નજીવા ભાડે લીઝપર આપી, તે ભાડા તથા જમીનના ભવિષ્યના સર્વ હક્કો અને લાભો પણ ટ્રસ્ટ પોતાની પાસે અકબંધ રાખી શકે છે. તેમજ પંદરેક વર્ષથી અમલમાં આવેલા કાયદાની રૂએ ભાડુતોને, પોતાના ભાડુતી હક્ક અન્ય કોઇને (જ્ઞાતિજન કે ટ્રસ્ટને માન્ય એવા અન્યને) પણ ટ્રાન્સફર કરવાનો એકપક્ષી સ્વતંત્ર હક્ક આપી શકાય, જે માલિકી હક્ક જેટલાજ સમકક્ષ ગણાય અને તેના કરારમાં એવી જોગવાઇ કરાઇ કે મકાનની જાળવણી તથા અન્ય મરમ્મત ખર્ચ, પ્રોપર્ટી ટેક્સ, અન્ય મેઇન્ટેનન્સ ઇત્યાદી સઘળો ખર્ચ ભાડુતો અને તેમના અસોસિએશને કરવાનો રહેશે. જ્યારે ભાડુતો હક્કો ટ્રાન્સફર કરવાના હોય તે વખતે ટ્રસ્ટને રેડીરેકનરના ભાવાંકના પંદરથી વીસ ટકા ટ્રાન્સફર ફી ચૂકવવાની રહેશે. આ અનુસારની બીજી કલમો પણ ટ્રસ્ટ અને તે ટ્રસ્ટ જે સમુદાયને હોય તેના હિતમાં ઉમેરી શકાય.

આમ, તે જમીનપર ટ્રસ્ટની માલિકી કાયમી રહી શકે અને ટ્રસ્ટને અન્ય ભાડાપર અપાયેલ જગ્યાઓના કિસ્સામાં થતો સારસંભાળ, સીક્યુરિટી, પ્રોપર્ટીટેક્સ, અન્ય વેરા વિગેરે ખર્ચ તે સંબંધીત માથાકૂટ ભોગવી પડતી નથી. વધુમાં ટ્રસ્ટ ભવિષ્યમાં એ આખી જમીનમાં જે પણ વધારાના લાભો કાયદા કે નીયમનાં ફેરફાર આધારે મળવાના હોય તે સર્વ ટ્રસ્ટ પાસે સલામત રહે છે.

ભાંડુપની 'અનંતસિદ્ધિ' તરીકે ઓળખાતી મિલકત શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અંતર્ગત આવે છે જ્યારે તે જ પ્લોટપર દેખાતા તેની નજીકના શ્રી ભાંડુપ દેરાસરજી એ એક જુદા સ્વતંત્ર ટ્રસ્ટની મિલકત છે. અને તેના ઓડીટેડ હિસાબો વગેરે અલગ સ્વતંત્ર રીતે ચેરીટી કમિશનરમાં ફાઇલ થાય છે. ભલે તે દેરાસરજીનો વહિવટ કૂમઠા ટ્રસ્ટની જેમ શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કરી રહ્યા છે. આ ઉપરાંતની તે સંબંધી કાનૂની સ્થિતીનો મુખ્ય મુદ્દો એ પણ છે કે 'અનંતસિદ્ધિ'ની જમીન મૂળભુત રીતે 'સેનેટોરીયમ' માટેજ ઉપયોગમાં લઇ શકાય તેવી તેના દાતાની ઇચ્છા પ્રમાણેની જોગવાઇ ટ્રસ્ટડીડમાં છે. આ રીતે અત્યારનું 'અનંતસિદ્ધિ' પણ તેના જમીન દાતાએ જે ઉદ્દેશ્ય (સેનેટોરીયમ) માટે આપેલ તેને અવગણીને તે વખતના ટ્રસ્ટીઓએ (૩૫-૩૭ વર્ષ પહેલા) રહેઠાણ યોજના કરી તે પણ એ ટ્રસ્ટીઓ દ્વારા આચરાયેલ એક ગંભીર વિશ્વાસભંગની હકીકત છે.

'અનંતછાયા' વેચાણ સામે વાંધો લેનાર પક્ષકારો દ્વારા વારંવાર સુચવાયેલ ટ્રસ્ટની સ્કિમની કલમ ૧૯(ઓ)નું પાલન કરવાની જોગવાઇને કાયદાકીય રીતે આવશ્યક હોવાનું ટ્રસ્ટીઓએ સ્વીકાર્યું તે હાઇકોર્ટ સ્તરે પહોચેલી કાર્યવાહીનું પુનરાવર્તન ન થાય તે માટે વર્તમાન કે તેના અનુગામી ટ્રસ્ટીઓ જ્યારે પણ વિચારણા થાય ત્યારે 'અનંતસિદ્ધિ' વિશે કોઇપણ નિર્ણય લેતા પહેલા ઉપરોક્ત કાનૂની પાર્શ્વભૂમિકાની અવગણના કે ઉલ્લંઘન ન થાય તેની કાળજી રાખવી પડશે.

'અનંતસિદ્ધિ'ની મિલકત, ૩૫વર્ષ પહેલા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના વિલીન થયેલા 'શ્રી ક.દ.ઓ. જૈન મહાજન હસ્તક સ્કિમ ફંડ ટ્રસ્ટ' બાબતે ચેરીટી કમિશનર, સિટી સિવિલ કોર્ટ અને હાઇકોર્ટમાં થયેલ વિવિધ કાર્યવાહીઓ પછી નિર્ણીત થયેલી કાયદાકીય પરિસ્થિતીને અનુલક્ષીને એ મિલકતનું તે વિલિન થયેલ ટ્રસ્ટના ઉદ્દેશ મુજબ વહિવટ કરવાની હોવાથી નામદાર મુંબઇ હાઇકોર્ટમાં યોગ્ય કાર્યવાહી કરીને, તે ઉદ્દેશ (સેનોટેરિયમનો) સંપૂર્ણપણે કે અંશતઃ પડતો મૂકવા, હાઇકોર્ટની પરવાનગી લેવી પડશે. અને તે

માટે, આ પહેલા સંબંધી ટ્રસ્ટીઓએ મહાજનશ્રીની સભા બોલાવી તેમાં ઠરાવ પસાર કરાવવાની ઔપચારીકતા નિભાવવા પૂર્તીજ પોતાની ફરજ સમજશે તો, તે ટ્રસ્ટીઓ વિવાદ નોતરશે એ અંગે કોઇ શંકાને સ્થાન નથી.

આ ઉપરાંત, અનંતનાથજી ટ્રસ્ટને દાણાબંદર (મસ્જીદબંદર) ખાતે ટાઉન પ્લાનિંગ સ્કિમહેઠળ ૧૦૫નં નો પ્લોટ એલોટ થયો છે, અને વર્ષ-૨૦૦૩માં નામદાર મુંબઇ હાઇકોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશનને તે પરના અતિક્રમણ દૂર કરી તે ખાલી કરી આપી તેનો ટ્રસ્ટને ખાલી કબજો સોંપવા હુકમ કરેલ છે. તે પછી પુરોગામી બે ટ્રસ્ટબોર્ડે પણ હાઇકોર્ટમાં દાખલ થયેલ રીટપીટીશનમાં કેટલીક કાર્યવાહી કરી હતી. પરંતુ વર્તમાન ટ્રસ્ટબાર્ડે તે પ્લોટ અંગે ટ્રસ્ટને કોઇ નિસ્બત ન હોય તેવી રીતે ત્રણ વર્ષ સુધી નિષ્ક્રિયતા દાખવી છે. તે એક ગંભીર વિશ્વાસભંગનું દૃષ્ટાંત છે.

આ ઉપરાંત, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ હસ્તક કચ્છમાં માંડવી ધર્મશાળા, કર્ણાટકમાં કુમઠા-વાલગિરી ઇત્યાદીની મિલકતો છે તે વિષે કે વાલગિરીની વાડી અંગેનો કન્નડ ભાષામાં ચાલતા કેસ સિવાય એવા કોઇ ખાસ વિશિષ્ટ સંજોગા નથી અને કોઇ વિશેષ કાર્યવાહીની જરૂરત નથી એ સારી વાત છે.

આમ શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓપર ટ્રસ્ટની મુંબઇમાંની ઉપરોક્ત ઉલ્લેખ કરાયેલ મિલકતો વિષયક વિવિધ પ્રશ્ને વિચારણા કરી સુયોગ્ય વહીવટ કરવાની જવાબદારી છે.

તે સાથેજ, જ્ઞાતિજનો અને લાભાર્થીઓ સાથે પણ પારદર્શક વલણ અપનાવવાની તેમની તેટલી જ ફરજ છે. અમૂક કિસ્સાઓમાં જ્ઞાતિજનોએ બબ્બે વખત ટ્રસ્ટબોર્ડની મિનિટ્સો ઇત્યાદી ઇન્સપેક્શન અને નકલો મેળવવા અરજીઓ કરવા છતાં ટ્રસ્ટીઓ તે આપતા નથી. કાયદાકીય રીતે અને ટ્રસ્ટની સ્કીમમાં સ્પષ્ટ જોગવાઇ હોવા છતાં ટ્રસ્ટીઓની આ પ્રકારની, ખાનગી માલિકોની જેવી આપખુદશાહી અને બીનપારદર્શક વર્તણૂક અને વ્યવહાર જ્ઞાતિજનો અને લાભાર્થી પરત્વે તેમનો અસહિષ્ણુ અને અવિવેકી અભિગમ સૂચવે છે. આમાંથી ટ્રસ્ટીઓએ વહેલી તકે બહાર આવી જવાની જરૂર છે. બાકી, આવી જ્ઞાતિસભાઓ બોલાવવા માત્રથી તેઓ જ્ઞાતિજનો પ્રત્યે જાણે પારદર્શક, નિખાલસ અને ઔચિત્યપૂર્ણ વ્યવહાર કરી રહ્યા છે તેવી પ્રતિમા તેઓ હરગિઝ ઉભારી શકશે નહી.

ટ્રસ્ટીઓના એકાદ વર્ષ પહેલાના સમર્થકોમાંથી જે કેટલાક અગ્રણી અનુભવી બિલ્ડર-ડેવલોપરો પણ છે તેમની સાથે તેમજ જ્ઞાતિના અન્ય અનુભવો બિલ્ડરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, આર્કિટેક્ટો અને કાનૂની નિષ્ણાંતો સાથે ટ્રસ્ટની મિલકતો તેમજ તેના સંપૂર્ણ આર્થિક માળખાની વિગતો દર્શાવી પુખ્ત સર્વગ્રાહી વિચારણા કરી તેમને વિશ્વાસમાં લીધા પછીજ કાર્યવાહી થવી જોઇએ.

જ્ઞાતિના શ્રદ્ધેય આસ્થા તેમજ મુંબઇના ઈતિહાસના આપણી જ્ઞાતિના બહુમુલ્ય યોગદાન અને આપણી અસ્મિતાના પ્રતિક સમા શ્રી અનંતનાથ જિનાલયની આસપાસની આપણી જ્ઞાતિ મિલકતો (ટ્રસ્ટની તેમજ શ્રી ખેતશી ચતુર્ભુજ વિદ્યાલયની મિલકત ઉપરાંત ભાતબજાર ફુવારા નજીક ટોકરશી શામજીનો માળો, કાંદા-બટાટાની ચાલ વગેરે મિલકતોનો પુનર્વિકાસ કરી જ્ઞાતિજનોનો વસવાટ ત્યાં પુનઃ સ્થાપિત કરવો છે કે કેમ અને તેનો નિર્ણય લેવાય તો તે કેમ કરવું અને તે માટે જરૂરી ફંડ ઊભું કરવા જ્ઞાતિ તૈયાર છે કે કેમ તે માટે સમસ્ત જ્ઞાતિ પર્યાપ્ત વિચાર વિમર્શ ન કરે ત્યૈં સુધી અનંતનાથજી ટ્રસ્ટની ટ્રસ્ટીઓ અન્ય કોઇપણ મિલકતના પુનર્વિકાસની કાર્યવાહી આરંભશે તો અને અથવા આવી કોઇ કાર્યવાહી આરંભાય અને જ્ઞાતિ તેનો વિરોધ નહીં કરશે તો જ્ઞાતિ પોતાના અસ્તિત્વ અને પોતાની ગરીમાને હોડમાં મુકશે. તેમ કશી અતિશયોક્તી વિના કહી શકાય.

અલબત, ભાતબજાર વિસ્તારમાં કેટલાક જ્ઞાતિજનો (કોઇમ્બતુર, બેંગલોર, હુબલી, રાયપુર, વડોદરા ઇત્યાદી બહારગામ સહિત) રહેણાંક માટે તૈયાર થશે તે બાબતે પણ જ્ઞાતિએ (સમસ્ત મહજને) સરવે કરવો જોઇએ અને તેની માહિતી પણ આ સર્વગ્રાહી વિચારણા અર્થે ઉપયોગમાં લેવી જોઇએ.

વિશા સમાજે મસ્જીદબંદરમાં પાલાગલી જેવા અન્યધર્મી સમાજની બહુમતી ધરાવતા વિસ્તારમાં વચ્ચોવચ આવેલ પોતાની શાળાની જમીનનું વેંચાણ ન કરતાં, એક આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થા સાથે સહયોગ કરી આધુનિક આંતરરાષ્ટ્રીય શાળા ચલાવવા કરાર કર્યો છે અને સમાજની જમીનની માલીકી જતી કરી નથી. વળી, વધારામાં એ શાળામાં તેમના સમાજના વિદ્યાર્થીઓ માટે આરક્ષણ અને સવલતો મળે તેવી શરતો પણ રાખી છે.

જ્ઞાતિમાં અમુક વર્ગ એવું સુચન કરી રહ્યો છે કે 'અનંતછાયા'ના વેચાણથી ઉપજેલ ૪૫ કરોડની રકમ, ડોંબિવલીમાં કેટલાક જ્ઞાતિજનો અને પ્લોટધારકો દ્વારા ખરીદાયેલ Hope -1000ની જમીન ખરીદવા માટે ઉપયોગમાં લેવાવી જોઇએ. તેમજ ત્યાં જ્ઞાતિના ઓછી આવક ધરાવતા કુંટુંબોને વસાવવા રહેણાંકો, અતિથીગૃહ, સ્કુલ-કોલેજ, હોસ્પિટલ ઇત્યાદીની સુવિધાઓ ધરાવતું વિશાળ સંકુલ નિર્માણ કરવું જોઇએ.

હકીકતો અને કાયદાકીય દ્રષ્ટિએ વિચારીએ તો આ સૂચન ટકી શકે તેમ નથી એના મુખ્ય કારણોમાં 'અનંતછાયા'ની બાબતે હાઇકોર્ટના ચુકાદામાં કઇ રીતે હુકમનામું થાય છે તે હજી અટકળનો વિષય છે. તેમ છતા તેને સ્પર્શ્યા વિના એક વાત તો ચોક્કસ છે કે Hope-1000 ઉક્ત જમીનમાં ટાઇટલ ખામીયુક્ત છે તેથી તેવા સંજોગોમાં કોઇપણ જાહેર ટ્રસ્ટ તેવી જમીન ખરીદી શકે નહી એટલે આ સૂચન હકીકતમાં ફેરવાઇ શકે તેમ નથી તેથી તેના પર પૂર્ણવિરામ મુકી દેવું જોઇએ.

'અનંતછાયા'ના મામલે નામદાર હાઇકોટનો ચુકાદો હવે ૧૪ જૂનના કે તે પછી આવવાનો છે. તે દરમ્યાનના આ ચારેક અઠવાડીયાઓમાં ટ્રસ્ટીઓ પાસે પોતાના અત્યાર સુધીના વહીવટ પ્રક્રિયા અંગે ચિંતન-મનન કરવાનો શ્રેષ્ઠ સમય છે.

આશા રાખીએ કે, ટ્રસ્ટીઓ ખરા અર્થમાં પારદર્શક વહિવટ કરવા અને જ્ઞાતિકર્મીઓ સાથે સમુચિત વિચાર -વિમર્શ કરવાની પ્રક્રિયાને વેગવાન બનાવી જ્ઞાતિનો વિશ્વાસ સંપાદન કરશે.

**રા.**


## શ્રી ક. દ. ઓ. જી. વી. સી. જૈન સંઘ - ઘાટકોપર.

આયોજીત

**પીકનીક - પીકનીક - પીકનીક**

રવિવાર તા. ૦૯/૦૬/૨૦૧૩ ના
રોયલ ગાર્ડન રીસોર્ટ મધ્યે પીકનીક આયોજીત કરેલ છે.
જેનો વ્યક્તિ દીઠ ચાર્જ રૂા. ૩૦૦/- (નોન રીફંડબેલ)
અને મહેમાન માટે રૂા. ૬૦૦/- ચાર્જ રાખવામાં આવેલ છે.
નામો વહેલા તે પહેલાના ધોરણે
તા. ૦૨/૦૬/૨૦૧૩ સુધી લખાવવા વિનંતી.

**વધુ વિગત માટે સંપર્ક :**

ઘાટકોપર - ઈસ્ટ
કિરીટભાઈ - 93208 88019
શૈલેશભાઈ - 98200 69724
કૌશિકભાઈ - 9820167767

ઘાટકોપર - વેસ્ટ
ટોમેશભાઈ - 98690 49951
જીતુભાઈ - 93222 26627



## ॥ જાહેર આમંત્રણ ॥

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામની અસીમ કૃપાથી ગામ જશાપરમાં શ્રી હનુમાન મહારાજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન સંવત ૨૦૬૯ વૈશાખ સુદ-૬ને ગુરૂવાર તા.૧૬.૫.૧૩થી શનિવાર તા.૧૮.૫.૧૩ સુધીના શુભ દિવસોમાં નિર્ધારિલ છે. આ શુભ પ્રસંગે આપ સૌ સહ પરિવાર અને મિત્રો સહિત સપ્રેમ પધારશો. આ પ્રતિષ્ઠારૂપી પવિત્ર ગંગામાં સ્નાન કરવા અમારું સૌને ભાવભર્યું આમંત્રણ છે.

**નિમંત્રક**

**શ્રી જશાપર ગામવાસીઓ**
**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન જશાપર વતી**
**દ. સોમચંદ કે. મોતા**

**• સંપર્ક •**

**જાડેજા ઝાલુભા - 0997918287**
**નિલેશ ધરમશી - 09374474700**

**શુભ સ્થળ :** શ્રી હનુમાન નૂતન મંદિર મફત નગર, બાલમંદિરની પાછળ, ગામ જશાપર તા.અબડાસા, (કચ્છ) (નલિયાથી 5 KM અંતરે)

## આરોગ્ય-પ્રકાશ : 'ડાયાબિટીઝ' : ધ સાયલન્ટ કીલર – ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુલુન્ડ)

***(ગતાંકથી ચાલુ)....***

૩૨૩૪ જણાંના સર્વે કરતાં જણાયું કે જે ગ્રુપમાં લાઈફસ્ટાઈલ બદલાવી તેમાનાં પેશન્ટોનું ૫૮% ડાયાબિટીઝ ઘટ્યું જ્યારે 'મેટફોરમીન' નામની દવા લેતા ગ્રુપમાં માત્ર ૩૧% જ ડાયાબિટીઝ ઘટ્યું તેથી સ્પષ્ટ જણાય છે કે દવાઓની સરખામણીએ દિનચર્યા બદલાવવી વધુ યોગ્ય છે. દિનચર્યા બદલાવવામાં શાકભાજી, ફળો, ડ્રાયફ્રુટ વધુ હોય એવો પૌષ્ટિક આહાર. (૨) એરોબિક કસરત અને (૩) વ્યસનનો ત્યાગ છે.

૫૦ દેશોના અભ્યાસમાં જણાયું છે કે જેઓ બ્લેક ટી લે છે તેઓને ડાયાબિટીઝ અને જાડાપણામાં ફાયદો થાય છે. દ્રાક્ષની ગ્લાયસીમીક્સ ઈન્ડેક્સ ઓછી હોય છે, તે બ્લડસુગરનું બેલેન્સ જાળવે છે અને ઈન્સ્યુલીન રેગ્યુલેટ કરે છે. અંજીરમાં કુદરતી સાકર છે જે ડાયાબિટીઝના પેશન્ટ માટે આદર્શ નાસ્તો છે, તે કોલેસ્ટ્રોલ ઘટાડે છે હૃદય માટે ઉપયોગી છે, સાથે વિટામીન્સ, આયર્ન, કેલ્શીયમ, પોટેશ્યમ અને ઑમેગા-૩, ઑમેગા-૬ ફેટી એસીડ મળે છે. ડાયાબિટીઝ માટે લીલી હળદર, કારેલા, આમળાં, કડવો લીમડો, ત્રિફળા, જાંબુ, જાંબુ પાવડર, ફ્રુટઝ, ગળો, મેથી ગુણકારી. લીલી હળદર લોહીમાં સાકરનું પ્રમાણ જાળવે છે. તેનો ૨ ચમચી રસ પી શકાય, કટકા કરી લીંબુ, સીંધા નમક સાથે લઈ શકાય. બ્રાઉન રાઈસ સારી, મસાલા નાખી ટેસ્ટી બનાવી ખાઓ. કળથીનું સુપ, શાક લેવા. ઑટમાં આરોગ્યદાયક કાર્બોદિત પદાર્થ, પુષ્કળ ફાયબર મળે. એ સવારના લેવાથી લોહીમાં સાકરનું પ્રમાણ આખો દિવસ જળવાઈ રહે. ઑટ પર થોડા તજનો ભુક્કો છાંટી લ્યો. સાથે આરોગ્યદાયી નાસ્તામાં કોળાના બી જે મેગ્નેશીયમ, આયર્ન, કેલ્સીયમ અને પ્રોટીન વગેરેથી ભરપૂર છે તે લ્યો. ગાજરમાં બીટાકૅરોટીનના રૂપમાં વિટામિન 'એ' ભરપૂર. તેનો વેજીટેબલ સુપ લ્યો. જવ ડાયાબિટીઝમાં ઘઉં કરતાં વધુ હિતકારી. જવની રોટલી કે ખાખરા લેવા.

હાલ ૧,૪૦,૦૦૦ અમેરિકન સ્ત્રીઓના સર્વેમાં જણાયું કે જે ૨૮ ગ્રામ અખરોટ અઠવાડિયામાં ૨ વખત ખાતા હતા એમને ડાયાબિટીઝ થવાની શક્યતા ૨૪% ઘટી હતી. જે લોકો રોજ કાજુ, બદામ, પીસ્તા ખાય છે તેમને ડાયાબિટીઝ થવાની શક્યતા ઘટી જાય છે. ડાયાબિટીઝવાળા એલોપેથીક દવા, ઈન્જેક્શન ચાલુ રાખી સાદા ઉપાયો અજમાવની ફાયદો લ્યો. (૧) આમળાચૂર્ણ ૪ ગ્રામ અને હળદર ૪ ગ્રામ પાણી સાથે લ્યો. આમળાની સીઝનમાં એનો રસ ૧ ચમચી અને લીલી હળદરનો ૨ ચમચી રસ લ્યો. (૨) કુમળા કારેલાના કટકા કરી છાયામાં સુકવી બારીક ચૂર્ણ કરી સવાર-સાંજ ૧૦ ગ્રામ લ્યો. (૩) લસણની કળી ઉપર ત્રિફળા ચૂર્ણ ભભરાવી ચાવી ચાવીને ખાઓ. (૪) રાત્રે મેથીના ૧૫-૨૦ દાણા ભીંજવી સવારે તે લ્યો. (૫) મૂળાની ભાજી, સલાડ રોજ ખાઓ. મૂળાના પાનનો રસ ૩૦ ગ્રામ સવારે પીઓ. (૬) ઉંટડીનું દુધ ઈન્સ્યુલીન વધારે છે, મળે તો પીવું. (૭) સાકર વગરની ચામાં ચપટીભર તજ નાખી લ્યો. (૮) ૧ કાકડી (ખીરા), ૧ ટમેટો અને ૫ કડવા લીમડાના પાનનો રસ ખાલી પેટે લ્યો. (૯) ૨૦૦ ગ્રામ મેથી ચૂર્ણ, ૧૦૦ ગ્રામ સૂંઠ ચૂર્ણ, ૧૦૦ ગ્રામ હળદર પાવડર મીક્સ કરી ૧-૧ ચમચી બપોર-રાત્રે લ્યો. (૧૦) કાળા મરી, લસણ, કાળી દ્રાક્ષ લેવાથી પગ ખેંચાય, ઝણઝણાથી થાય, ગાદીપર ચાલતા હો એવું લાગે એમાં ફાયદો થાય. (૧૧) સિધ્ધાસન, યોગમુદ્રાસન, હલાસન, ચક્રાસન, સર્વાંગાંસન, પ્રશ્ચિમોતાનાસન, ધનુરાસન રોજ કરવાથી ફાયદો થાય. (૧૨) રાત્રે મોડેથી ન જમવું. સવારે મોડા ન ઉઠવું.

ડાયબિટીઝ કન્ટ્રોલમાં ન રહેતું હોય અને જેઓ ઘણાં જાડા હોય (હાઈ બી.એમ.આઈ. હોય) એમને લેપ્રોસ્કોપીક ગેસ્ટ્રીક બાયપાસ સર્જરીથી ખૂબજ ફાયદો થાય છે. ૫ વર્ષનો અભ્યાસમાં આવા ૫૨ પેશન્ટપર આ ઓપરેશનથી ૯૬.૨% ફાયદો થયો. એમના બ્લડસુગર, હાઈ બી.પી. નોમલ થઈ ગયા, વજન કન્ટ્રોલમાં આવ્યું.

ડાયબિટીઝ જેવા ક્રોનીક બિમારીવાળા પેશન્ટને ડૉક્ટર પુછે કે કોઈ ટેન્શન છે તો ૯૦% પેશન્ટો કહેશે મને કાંઈ ટેન્શન નથી પણ આપણે સૌ જરા ઉંડાણથી વિચારીએ તો એઅસંતોષ, ઈર્ષ્યા, અદેખાઈ અથવા ફલાણાએ મને ન બોલાવ્યો કે માન ન રાખ્યું વગેરે અહમભાવ પણ મનમાં એક પ્રકારની તાણ ઉત્પન્ન કરે છે. આપણે કોઈને છેતરીએ ત્યારે આપણને લાગે કે મને ફાયદો થયો પણ પછી રાત્રે જ્યારે તકીએ માથું ટેકવીએ ત્યારે આપણો અંતરાત્મા ડંખશે અને ઉંઘ નહીં આવે. એવી જ રીતે બીજાની નીંદા કરી, ઉતારી પાડીએ એના કરતાં આપણે જાતે વિચાર, વાણી, વર્તનથી ઉપર ઉઠીએ. કોઈને ટેકો ન આપી શકીએ તો કાંઈ નહીં પણ કોઈની ટીકા કરવાથી તો દૂર રહી શકીએ. બીજાની લીટી ભૂંસવા કે નાની કરવા કરતાં આપણે જાતે સારા કાર્યોથી આપણી લીટી મોટી કરીએ. જ્યારે આપણે ગુસ્સે થઈએ ત્યારે આપણું શરીર, ધ્રુજવા લાગે છે, પરીક્ષા કે એવા બીજા ભયભીત પ્રસંગે ઘણાને ઘડી ઘડી પેશાબ કે હાજતનો ખ્યાલ આવે છે. ટોઈલેટ જવું

પડે છે વગેરે ખરાબ હાર્મોન્સને લીધે થાય છે બસ આમ જ અંસતોષ, ઈર્ષ્યા, અદેખાઇ, નિંદા, વધુ પડતો સ્વાર્થ વગેરે જ્યારે આપણે કરીએ ત્યારે આપણા શરીરમાં ખરાબ હામોન્સ કેમીકલ્સ ઝરે છે. અને ધીરે ધીરે ક્રોનીક બિમારીઓ તરફ લઇ જાય છે.

આપણા વડીલો ઘીવાળા લાડવા, મીઠાઇઓ ખાઇને પણ ડાયબિટીઝ જેવી બિમારીઓથી દૂર રહી શક્યા કેમ કે પૌષ્ટિક આહાર, મહેનત સાથે ઉદાર દિલ, નિસ્વાર્થી, સંતોષી હતા, બીજાની નિંદા અદેખાઇ ર્ક્યા વગર પોતાનો કામથી નિસ્બત રાખતા. આપણે પણ આપણી વિચારસરણી, લાઇફ સ્ટાઇલ બદલીએ. સંસારમાં બધા સાથે એડજસ્ટ થવું મુશ્કેલ છે. ઈર્ષ્યા અદેખાઇ, ઘૃણા, ગુસ્સો વગેરે પર વિજય મેળવવો અઘરો છે પણ ધ્યાન, મેડીટેશન, પ્રતિક્રમણથી આપણી જાતને કેળવીએ, વારે વારે આપણી જાતને તપાસીએ અને ઉપર ઉઠવા કોશીશ કરીએ. ધીરે ધીરે સફળતા મળશે. સરવાળે ફાયદો આપણને જશે. સારી, શુદ્ધ ભાવનાથી મન સાફ થશે. શાંત થશે, સારા હાર્મોન્સ ઝરશે. બાળક જેવી શાંત, સારી ઉંઘ આવશે. શરરી ડાયાબિટીઝ જેવી ક્રોનીક બિમારીઓ દૂર રહેશે, બિમારીઓ હશે તો ઘટશે.

જીવનશૈલી બદલીએ, ખરાબ હાર્મોન્સ ઉત્પન્ન કરતા અવગુણોથી દૂર રહીએ અને ખાવામાં વધુ મીઠાશ ભરવાને બદલે જીવનમાં, વિચાર, વાણી, વર્તનમાં મીઠાશ ભરીએ.

***(સંપૂર્ણ)***

## ભૂલસુધાર

પ્ર.સ. અંક ૧૮માં પાના નં.૨૩ ઉપર સમાચારમાં બાગલકોટમાં વર્ષીતપ પારણાંમાં શરતચુકથી તપસ્વી પ્રભાબેન ધરમશી છ્યાયું છે જે સુધારીને **ભદ્રાબેન હુકમીચંદ ધરમશી** વાંચવુ.

પ્ર.સ. ગતાંકથી મરણનોંધમાં મધુરીબેન બાબુલાલની અટક શરતચુકથી દંડ છપાયેલ છે જે સુધારીને **લોડાયા** વાંચવી.


K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ – ઘાટકોપર)
98204 57676
લગ્ન પ્રસંગ માટે લાઇટ વેઇટ
રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ
તથા નેકલેસનું આકર્ષક કલેક્શન



## 'સગપણ સેતુ' અંગે સુચના

- સગપણ સેતુમાં ભાગ લેવા છપાયેલ ફોર્મની ૨૦ મુદ્દાની માહિતી (આપના સંતાનનો પરિચય) મોકલવી.
- પત્રવ્યવહાર માટે રૂા.૫ની સ્ટેમ્પવાળા બે કોરા કવર મોકલવા.
- પ્રકાશિત ઉમેદવારમાંથી જે **ક્રમાંકની** પસંદગી કરી હોય તે નંબર જણાવી અરજી કરો.
- અમને બાયોડેટા સાથે ફોટા કે કુંડલી મોકલવા નહીં.
- જેટલા ક્રમાંક પસંદ કરો તેટલા તમારા સંતાનના બાયોડેટા અને ટપાલકવર મોકલવા.
- આપના સંતાન બાબત આપને કોઇના બાયોડેટા આવે તો તેમને હા/ના નો જવાબ સમયસર મોકલવો.
- બાયોડટાની વિગત જાણ્યા પછી જ કુંડલી-ફોટા આદિ પરસ્પર મોકલવા.
- ૧૮ વર્ષથી ઉપરના લગ્નોત્સુક પાત્રો ભાગ લઇ શકે છે.
- અમે માત્ર વચ્ચે પરસ્પર પરિચય હેતુસર માધ્યમસેતુ બનશું.
- જ્ઞાતિસ્તરે વિશાળ પસંદગી હેતુ આ સગપણ સેતુમાં ભાગ લેવો જોઇએ.
- ગુપ્ત પરિચય ઉપરથી આપની પાત્ર પસંદગી મેચ કરી અમારા માધ્યમે યોગ્ય પાત્રના પરિવાર સાથે સંપર્ક સાધી શકશો.
- આ વિભાગની સફળ ઉપયોગીતા માટે આપના સુચન આવકાર્ય છે.
- આપના સંતાનની પાત્ર પસંદગી માટે ૨૦ મુદ્દાનો પરિચય-પુરી વિગત સાથે આપવી. ખાસ કરી છેલ્લી બે કોલમ ચોક્કસપણે ભરવી.


શુભેચ્છા સહ....
Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404


## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઇઝ | કલર | બ્લેક-વ્હાઇટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160 x 111 mm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77 x 111 mm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | ૩૫૦ |

પેમેન્ટ ચેક CDO PRAKASH SAMIKSHA ના નામે મોકલવું.

## 卐 સગપણ સેતુ 卐

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો. પ્ર.સ. દ્વારા ચાલતો આ નિ:શુલ્ક વિભાગ યોગ્ય પાત્રની વિશાળ પસંદગી માટે સુલભ માધ્યમ છે. એવું નથી કે, સગપણ ન થતા હોય એટલે એમાં ભાગ લેવું. પણ તમારા સંતાનનો જ્ઞાતિ સમક્ષ પુરો પરિચય થાય અને આપને પસંદગીની એક સારી તક મળે એ દ્રષ્ટિએ એમા વિનાસંકોચે ભાગ લો. પ્રકાશિત થયેલ ઉમેદવારના પરિચય ઉપરથી **પસંદગીનો ક્રમાંક** લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. **સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી.** આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો.

| ક્ર. | માહિતી પત્રક | ૫૦૪ | ૫૦૫ | ૫૦૬ | ૫૦૭ | ૫૦૮ | ૫૦૯ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | સ્ત્રી | સ્ત્રી | પુરૂષ | પુરૂષ | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | લોડાયા | લોડાયા | મોમાયા | ધરમશી | ધરમશી | નાગડા |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ |
| ૪ | જન્મ તારીખ | ૧૦.૧.૮૨ | ૩૧.૧૦.૮૩ | ૨૨.૫.૮૭ | ૨.૯.૮૫ | ૧૮.૮.૮૪ | ૬.૪.૮૭ |
| ૫ | વય (વર્ષ) | ૩૧ | ૨૯ | ૨૫ | ૨૭ | ૨૮ | ૨૬ |
| ૬ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૯" | ૫'-૪" | ૫'-૨" | ૫'-૬" | ૫'-૫" | ૫'-૮" |
| ૭ | વજન (કી.ગ્રા.) | ૭૦ | ૫૦ | ૫૭ | ૫૫ | ૬૦ | ૬૭ |
| ૮ | વર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો |
| ૯ | શિક્ષણ/અભ્યાસ | Dip. Ele. Engg | B.Com. | B.Com. | B.Tech. Comp. Sc | BBA MBA | B.Com. |
| ૧૦ | નોકરી/ધંધો | નોકરી | નોકરી | - | નોકરી | ધંધો | નોકરી |
| ૧૧ | હાલ ગામ | અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ | બેંગલોર | કોચીન | આદિપુર |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | બોલતા અચકાય છે | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૧૨,૦૦૦ | ૧૦,૦૦૦ | - | ૪૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૧૮૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | અવર | અવર | અવર | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે? | નથી | નથી | હળવો મંગળ | ના | મંગળ | મંગળ |
| ૧૭ | ફોટો મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | કુંડલી મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૯ | તમારી પાત્ર અંગે પસંદગી/અપેક્ષા | સમકક્ષ ભણેલી | સમકક્ષ ભણેલી | મિલનસાર સુશિલ | મિલનસાર સંસ્કારી | મિલનસાર સંસ્કારી | મિલનસાર સંસ્કારી |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | સંસ્કારી પરિવારપ્રેમી | સંસ્કારી પરિવારપ્રેમી | મિલનસાર સુશીલ | પરિવારપ્રેમી સુશીલ | પરિવારપ્રેમી સુશીલ | પરિવારપ્રેમી સંસ્કારી |

આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)

મોકલનાર વાલીનું નામ : ________________ ઉમેદવારનું નામ : ________________

સરનામું : ________________________________

________________________________ ફોન : ________________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ________________ સહી : ________________

|| શ્રી આદેશ્વરાય નમઃ ||

# શ્રી વારાપધર ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન

અંતર્ગત

## શ્રી વારાપધર જૈન યુવક મંડળ

સંચાલિત

**વારાપધરના શ્રેષ્ઠીવર્યોના આર્થિક સહયોગથી**

જરૂરીયાતમંદ ગામવાસી જ્ઞાતિજનો માટે

# મેડીકલ તથા શૈક્ષણિક સહાય યોજના

કાયમી દાતા પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના, સહ 'આભાર'

શ્રી રમેશ પ્રેમજી લોડાયા – હૈદ્રાબાદ
શ્રી અશોક કલ્યાણજી ભેદા – મે. નેપ્ચ્યુન ડેવલપર્સ
શ્રી માણેકજી ભવાનજી ભેદા
માતુશ્રી માનબાઇ ઉમરશી ભેદા હ. ઝવેરીલાલ ભેદા
માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા
માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા
માતુશ્રી પુરબાઇ પદમશી લાલકા
માતુશ્રી હીરબાઇ કુંવરજી લાલકા
માતુશ્રી મણીબાઇ ટોકરશી લોડાયા
શ્રી લાલજી વેલજી લોડાયા
શ્રી કાંતિલાલ વેલજી લોડાયા
શ્રી હંસરાજ વીરજી વિક્રમશી
શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા હ. ધીરેનભાઇ–વાપી
શ્રી રાયચંદ શીવજી છેડા
શ્રી શૈલેષ જેઠાલાલ નાગડા
શ્રી લાલજી નરશી લોડાયા
કુમારી નેહા વિનય લોડાયા

ઉપરોકત યોજના માટે દાતાશ્રીઓ આવકાર્ય

જરૂરીયાતમંદ ગામવાસીઓએ મેડીકલ સહાય તથા શૈક્ષણિક સહાય યોજનાનો લાભ લેવા વિનંતી.

**ચાલુ વર્ષ માટે શૈક્ષણિક સહાય યોજના ધો. ૧ થી ૧૦ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જ છે.**

ફોર્મ ભરીને આપવાની છેલ્લી તારીખ : ૩૧-૭-૨૦૧૩

: સહાય યોજના માટે ફોર્મ મેળવવા સંપર્ક :

વિનય હીરાચંદ લોડાયા ૯૩૨૨૬૬૪૩૭૨
ભરત ખીમજી લોડાયા ૦૯૪૨૭૨૩૫૧૮૩
નીતેષ દીનેશ લોડાયા ૯૩૨૩૯૯૩૨૮૨

### આગામી કાર્યક્રમ

**તા. ૩૧-૮-૧૩ થી તા. ૧૧-૯-૧૩**
**માદરેવતનમાં પર્યુષણ પર્વની આરાધના**

**સપ્ટે / ઓકટોબર, ૨૦૧૩**
**મુંબઇ આસપાસ ચૈત્ય પરિપાટીનું આયોજન**

**જાન્યુઆરી ૨૦૧૪ : મુંબઇમાં ગામધણી શ્રી વારાપીરની સમુહ પહેડી**
**પહેડીના સહયોગી દાતાશ્રી : શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા હ. ધીરેનભાઇ-વાપી**

॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥

**અબડાસાની નૂતન પંચતીર્થી 'વાવાલાપરા' પૈકીના વારાપધર ગામના**

# દીલેર દાતા પરિવારોના શ્રેષ્ઠીવર્યોની વસમી વિદાય

પોતાના ગામ માટે શિક્ષણ ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે તથા જરૂરિયાતમંદ માટે
પરિવારની પડખે રહી, ખડે પગે સેવા કરી દાનની ગંગા હંમેશા માટે વહેતી રાખનાર







**માતુશ્રી ધનબાઈ કલ્યાણજી ભેદા**
મુલુંડ – નેપ્ચ્યુન

**શ્રી રમેશચંદ્ર પ્રેમજી લોડાયા**
હૈદ્રાબાદ

**ના દુઃખદ અવસાને મહાજન, મંડળ તથા સૌ ગામવાસીઓ દ્વારા**

# શ્રદ્ધાસુમન

સ્નેહની સરવાણીથી સંબંધોને સુમધુર બનાવનાર કુટુંબ, ગામ, શાસન,
સમાજ માટે સમર્પિત બનીને માનવદેહને સાર્થક કરી જનારા

*માતુશ્રી ધનબાઈ 'મા' તથા મેધાવી માનવી શ્રી રમેશ 'ભા' ને માનભેર વંદના*

સુખ દુઃખમાં સદાય હસતા રહ્યાં તમે, સૌના હૃદયમાં વસતા રહ્યાં તમે,
હતા નજર સમક્ષ પાંપણ પલકારે તમે, મોક્ષ પામી ગયા, જીવન એવું જીવી ગયા તમે.

**અમને ગર્વ છે તમારા ગામવાસી હોવાનો...**

પરમાત્મા આપના આત્માને જલ્દીથી મોક્ષગામી બનાવે એજ પ્રભુ પાસે પ્રાર્થના...

લી.

**શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન**
**શ્રી વારાપધર જૈન યુવક મંડળ**

# શ્રી સી.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ

## સંસ્થાને તા.૦૧.૦૪.૧૨ થી તા.૩૧.૦૩.૧૩ દરમ્યાન મળેલ રૂા.૫૦૦/- કે તેથી વધુ રકમની શાળા ફી-પુસ્તક સહાય ભેટની યાદી

| ક્રમ | દાતાશ્રીનું નામ | સંસ્થાના નિયમ મુજબ આપવાની થતી સહાય | મળેલ સહાય | કુલ સહાય |
|---|---|---|---|---|
| ૧ | **આરીખાણા** | ૧૦૦૦૦ | | |
| | શ્રી સોમચંદ વેલજી લોડાયા (આરીખાણા) | | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ૨ | **ભરૂડીયા** | ૭૦૪૧૧ | | |
| | શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા જૈન સંઘ | | ૧૧૦૦૦ | |
| | માતુશ્રી મણીબાઇ જેતશી ગોવિંદજી દંડ પરિવાર (ભરૂડીયા-ઘાટકોપર) | | ૫૦૦૦ | |
| | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (ભરૂડીયા-મુલુંડ) | | ૫૦૦૦ | ૨૧૦૦૦ |
| ૩ | **ગોરખડી** | ૬૫૪૧૫ | | |
| | પદ્માવતી એન્ટરપ્રાઇસીસ (મસ્જીદબંદર) | | ૭૫૦૦ | ૭૫૦૦ |
| ૪ | **જખૌ** | ૬૩૮૭૮ | | ૭૨૦૦૦ |
| | માતુશ્રી મણીબેન ચીમનલાલ જેઠાભાઇ વર્ધમાન હસ્તે | | ૩૫૦૦૦ | ૨૧૦૦૦ |
| | શ્રી હીરાચંદ આણંદજી વર્ધમાન પરિવાર (જખૌ) | | | |
| | અક્ષયપાત્ર, હસ્તે શ્રી પ્રતાપભાઇ ધુલ્લા | | | |
| | શ્રી મધુકાંત પદમશી ખોના (જખૌ) | | ૧૧૦૦૦ | |
| | શ્રીમતી શોભનાબેન કિશોર કાયાણી (ખોના) જખૌ-મુલુંડ | | | ૫૦૦૦ |
| ૫ | **જશાપુર** | ૪૨૧૫૬ | | |
| | શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન જશાપુર | | ૫૧૦૦૦ | ૫૧૦૦૦ |
| ૬ | **કોઠારા** | ૫૨૩૫ | | |
| | કેપિટલ રોડલાઇન્સ હસ્તે શ્રી તિલકભાઇ રાયચંદ લોડાયા | | ૧૫૦૦૦ | |
| | (કોઠારા-મુલુંડ) | | | ૧૫૦૦૦ |
| ૭ | **લાખણીયા** | - | | |
| | શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા | | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૮ | **મોટી ખાવડી** | ૧૨૬૪૨૦ | | |
| | શ્રી હિંમતલાલ વીશનજી ખોના (ઘાટકોપર-મોટીખાવડી) | | ૧૧૦૦૦ | |
| | શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (થાણા-મોટીખાવડી) | | ૧૧૦૦૦ | |
| | શ્રી મહેન્દ્ર વીશનજી લોડાયા (મુલુંડ-મોટીખાવડી) | | ૧૧૦૦૦ | |
| | શ્રી ગીરીશ ખીમજી લોડાયા (મુલુંડ-મોટીખાવડી) | | ૧૧૦૦૦ | |
| | શ્રી પ્રવિણ કુંવરજી લોડાયા (કાંદિવલી-મોટીખાવડી) | | ૧૧૦૦૦ | |
| | શ્રી વિજય મોતીલાલ લોડાયા (ઘાટકોપર-મોટીખાવડી) | | ૧૧૦૦૦ | |
| | માતુશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ ખોના (મુલુંડ-મોટીખાવડી) | | ૧૧૦૦૦ | |
| | શ્રી નવિનચંદ્ર રતનશી લોડાયા (મુલુંડ-મોટીખાવડી) | | ૧૧૦૦૦ | |
| | શ્રી નરેન્દ્ર હંસરાજ લોડાયા (થાણા-મોટીખાવડી) | | ૫૦૦૦ | |
| | માતુશ્રી વિમલાબેન અરવિંદ લોડાયા (મુલુંડ-મોટીખાવડી) | | ૫૦૦૦ | |
| | માતુશ્રી કમલબેન શીવજી લોડાયા (મુલુંડ-ડોંબિવલી-મો. ખાવડી) | | ૨૫૦૦ | ૧૦૦૫૦૦ |

| ક્રમ | દાતાશ્રીનું નામ | સંસ્થાના નિયમ મુજબ આપવાની થતી સહાય | મળેલ સહાય | કુલ સહાય |
|---|---|---|---|---|
| ૯ | **મોટી સીંધોડી**<br>શ્રી વસંત ધનજી મૈશેરી (ડોંબિવલી-મોટી સીંધોડી) | ૧૪૪૫૦ | ૧૪૪૫૦ | ૧૪૪૫૦ |
| ૧૦ | **મંજલ**<br>શ્રી નથુભાઇ નરશી દંડ પરિવાર (મંજલ) | ૧૧૪૩૦ | ૧૧૪૩૦ | ૧૧૪૩૦ |
| ૧૧ | **નલીયા**<br>શ્રી ક.દ.ઓ. જૈન (નલીયાવાસી) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૩૮૯૯૦ | ૧૪૦૦૦૦ | ૧૪૦૦૦૦ |
| ૧૨ | **રંગપુર**<br>શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન મહાજન અને ભીડભંજન પાર્શ્વનાથ ટ્રસ્ટ | ૭૯૮૦૦ | ૭૨૫૦૦ | ૭૨૫૦૦ |
| ૧૩ | **સાંધાણ**<br>શ્રી કચ્છ સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસરજી<br>અને તેના સાધારણ ફંડ્સ | ૪૨૦૩૫ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૧૪ | **સાંધવ**<br>શ્રી મણીમાણેક ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે<br>શ્રી ચાંપશીભાઇ શાહ (ઘાટકોપર-સાંધવ) | ૪૯૨૬૭ | ૪૯૨૬૭ | ૪૯૨૬૭ |
| ૧૫ | **સાંયરા**<br>સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ દરેકને રૂા.૩૦૦૦/- પ્રમાણે<br>૮ વિદ્યાર્થીઓને ફી સહાય રૂા.૨૪૦૦૦/- | ૯૨૨૩૫ | | |
| ૧૬ | **સુથરી**<br>શ્રી રાયચંદ રતનશી કારાણી પરિવાર (સુથરી-મુલુંડ)<br>શ્રી પદમશી એલ. સોની (જુહુ)<br>વિદ્યાર્થીઓને ચેક દ્વારા સહાય રૂા.૯૯૦૦૦/- | ૧૧૮૨૯૭ | ૨૨૦૦૦ | ૨૨૦૦૦ |
| ૧૭<br>શ્રી | **તેરા**<br>જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ (તેરા) | ૩૯૩૫૫ | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ |
| ૧૮ | **વરાડીયા**<br>શ્રી વરાડીયા મોમાયા માતાજી પરિવાર હસ્તે<br>શ્રી નિરંજન કેશવજી મોમાયા (વરાડીયા) | ૪૨૬૫૩ | ૧૪૦૦૦ | ૧૪૦૦૦ |
| ૧૯ | **વારાપધર**<br>શ્રી વારાપધર મહાજન દ્વારા વિદ્યાર્થીઓને<br>સીધી ચેક દ્વારા સહાય | ૧૨૫૦૫૯ | | |
| | **અન્ય દાતાઓ તથા મહાજનો પાસેથી મળેલ સહાય** | | | |
| ૧ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ | | ૨૦૦૦૦૦ | |
| ૨ | શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ, મસ્જીદબંદર/નલીયા<br>તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને ફી સહાય વર્ષ ૨૦૧૨-૧૩ | | ૨૦૦૦૦૦ | |
| ૩ | શ્રીમતી જેઠીબાઇ હીરજી ખોના પરિવાર,<br>(માહિમ-નલીયા) હસ્તે ડૉ.વાસંતીબેન હીરજી ખોના | | ૫૧૦૦૦ | |

| ક્રમ | દાતાશ્રીનું નામ | સંસ્થાના નિયમ મુજબ આપવાની થતી સહાય | મળેલ સહાય | કુલ સહાય |
|---|---|---|---|---|
| **અન્ય દાતાઓ તથા મહાજનો પાસેથી મળેલ સહાય** | | | | |
| ૪ | શ્રી રાજેશ પ્રેમજી શાહ (સાયન) | | ૫૧૦૦૦ | |
| ૫ | શ્રી ગોપાલદાસ અરોરા, દિલ્હી,<br>હસ્તે શ્રી મોતીચંદભાઇ ખોના (મુલુંડ) | | ૩૧૦૦૦ | |
| ૬ | ઈન ટચ ફેશન, દાદર<br>હસ્તે શ્રી કલ્પેશભાઇ નવીનચંદ ધરમશી | | ૨૫૦૦૦ | |
| ૭ | શ્રી લઘુભાઇ લાલજી નાગડા હસ્તે<br>શ્રીમતી સરલાબેન એલ. નાગડા (નલીયા-નવી મુંબઇ) | | ૨૧૦૦૦ | |
| ૮ | શ્રીમતી નિર્મલાબેન નરેન્દ્ર જયચંદ નાગડા,<br>(નલીયા-ઘાટકોપર) | | ૧૧૦૦૦ | |
| ૯ | માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ પુનશી નાગડા,<br>(નલીયા-ઘાટકોપર) | | ૧૧૦૦૦ | |
| ૧૦ | શ્રી રોપીન જયચંદ નાગડા, (નલીયા-મુલુંડ) | | ૧૧૦૦૦ | |
| ૧૧ | શ્રીમતી કાશ્મિરાબેન નાગડા, (જખૌ-મુલુંડ) | | ૧૧૦૦૦ | |
| ૧૨ | શ્રી રમેશ ભવાનજી મૈશેરી, (જખૌ-લોનાવલા) | | ૧૧૦૦૦ | |
| ૧૩ | શ્રીમતી હર્ષદાબેન જે. શાહ અને શ્રી જીનેન્દ્રભાઇ શાહ | | ૧૧૦૦૦ | |
| ૧૪ | શ્રી ધીરેન્દ્ર આણંદજી ખોના ચેરીટેબલ મેમોરીયલ ટ્રસ્ટ ;<br>હસ્તે શ્રી લહેરચંદભાઇ ખોના (ગાંધીધામ) | | ૧૧૦૦૦ | |
| ૧૫ | ખીમજી કુંવરજી ટ્રસ્ટ (દિવાળી બોણી ભેટ) | | ૧૦૦૦૦ | |
| ૧૬ | શ્રી વીરજી લધાભાઇ ટ્રસ્ટ (દિવાળી બોણી ભેટ) | | ૧૦૦૦૦ | |
| ૧૭ | શ્રી બી.એમ. શાહ (માટુંગા) | | ૫૦૦૦ | |
| ૧૮ | શ્રી એસ.પી. નાગડા (ઘાટકોપર) | | ૫૦૦૦ | |
| ૧૯ | શ્રી એમ.વી. લોડાયા (વડાલા) | | ૫૦૦૦ | |
| ૨૦ | શ્રી કે.એલ. સોની (માટુંગા) | | ૫૦૦૦ | |
| ૨૧ | શ્રી હેમંત એસ. મોતા (લોનાવલા) | | ૫૦૦૦ | |
| ૨૨ | શ્રી પારસ પદમશી મૈશેરી (ઘાટકોપર) | | ૫૦૦૦ | |
| ૨૩ | શ્રીમતી રતનબેન કે. શાહ (ભાંડુપ) | | ૫૦૦ | |
| ૨૪ | ટીકીટાર ઈન્ડ્સ્ટીઝ (ભાંડુપ) | | ૫૦૦ | |
| ૨૫ | ટી.એમ. ગોસર એન્ડ કું. | | ૫૦૦ | |

વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન નીચેના ગામના વિદ્યાર્થીઓ અર્થે, તે તે ગામના મહાજન-દાતાઓ તરફથી સહાય આવેલ ન હતી. તેઓને વિનંતી કરીએ છીએ કે વર્ષ ૨૦૧૩-૧૪ માટે સંસ્થાને સહાય કરી સંસ્થાની શૈક્ષણિક પ્રવૃતિમાં સહાયરૂપ થશોજી.

## બાકી રહેતા ગામની યાદી

| ક્રમ | ગામનું નામ | સંસ્થાના નિયમ મુજબ આપવાની થતી સહાયની રકમ | ક્રમ | ગામનું નામ | સંસ્થાના નિયમ મુજબ આપવાની થતી સહાયની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | બાંઢીયા | ૩૩૭૨૩ | ૯ | લાલા | ૭૫૪૪૧ |
| ૨ | બારોઇ | ૪૨૨૯ | ૧૦ | લુણી | ૨૦૦૦૦ |
| ૩ | બાયઠ | ૭૭૪૬૧ | ૧૧ | નાગ્રેચા | ૨૦૦૦૦ |
| ૪ | દલતુંગી | ૧૦૬૮૨૦ | ૧૨ | નાની સીંધોડી | ૧૨૫૨૦ |
| ૫ | ધ્રાફા | ૧૦૦૦૦ | ૧૩ | પરજાઉ | ૬૨૫૦ |
| ૬ | ડુમરા | ૨૦૦૦૦ | ૧૪ | રાપર | ૮૮૬૦૬ |
| ૭ | ગોધરા | ૩૦૬૩૩ | ૧૫ | સુજાપુર | ૨૩૫૮૦ |
| ૮ | ગોએરસમા | ૯૭૪૩ | ૧૬ | વાંકુ | ૮૭૫૦ |

ડોનેશન મેળવવામાં **શ્રી મોતીચંદ લાલજી ખોના** (નલીયા-મુલુંડ) નો સિંહફાળો છે. સંસ્થાના અધિકારીઓ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી શુભેચ્છા આ બદલ આપશ્રી દાતાઓનો ખૂબ ખૂબ આભાર અને ઋણસ્વીકાર.

**લિ. સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

**કીંય ભુલાજે ભાઇબંધી ?**

## તેરમી પુણ્યતિથિએ ભાવાંજલી....

જન્મ
અન્નીગેરી (કર્ણાટક)
તા.૪.૨.૧૯૫૩



સ્વર્ગવાસ
મુંબઇ
તા.૨૦.૫.૨૦૦૦

**સ્વ.શ્રી રિદ્ધિશ માણેકજી નેણશી પાલાણી**
**(કોઠારા-ઘાટકોપર)**

**જીગરમેં રિદ્ધિ, વિચારેમેં સિદ્ધિ ને**
**આચારેમેં શુદ્ધિ ધજ બુદ્ધિ, કમમેં વૃદ્ધિ,**
**ધિલમેં ઝિંદાધિલીજી સમૃદ્ધિ**
**થોડી આયુમેં જીવ્યો જિજ્જો,**
**ઇ ભાઇબંધ રિધ્ધિશ પાલાણી**
**રશ્મિન રૂવે ના હુંભસેં ડે,**
**ઇનજી રિદ્ધિ સિધ્ધિ કે સલામી...**

**- રશ્મિન ખોના-2225117930**

## પ્રથમ પુણ્યતિથિએ ભાવાંજલી....

જન્મ
૨૧.૭.૬૩



અરીહંતશરણ
૨૨.૫.૨૦૧૨

**અ.સૌ.સ્વ. હંસાબેન હિરાચંદ મૈશેરી**
**(નાની સીંધોડી-રાયપુર)**
**માયા, મમતા, સાથ અને સહકાર આપી**
**અમને મઝધાર સંસારરૂપી દરિયે**
**અધવચ્ચે છોડી કયાં પ્રભુને શરણે થયા ?**

**•શોકાતુર •**

પતિ : હિરાચંદ કુંવરજી મૈશેરી
પુત્રવધુ-પુત્ર : માન્યા પિયુષ મૈશેરી
પૌત્રી : ચિ. હનીકા પિયુષ
દિકરી-જમાઇ : મિત્તલ ધારેશ ધરમશી (મુંબઇ)
દોહીત્રી : ચિ.સાન્વી

રિત્તલ ચિરાગ શાહ (નાગડા) (પૂના)
માતુશ્રી લક્ષ્મીબાઇ કુંવરજી મૈશેરી પરિવારની સ્મરણાંજલિ

## 'નવધન' પરિવારને અનુમોદના

બુધવારથી "નવધન"માં પ્રયાણ કર્યું પ્રભુને કરી પ્રણામ
જાપ કરતાં, ખાતાં-પીતાં, હસતા સમયની ન પડી જાણ
ધન્ય છે એવા સંઘપતીઓને, અમ ઉગ્યો સોનાનો ભાણ
એવાં કઇંક કલાકો વીત્યા, વીતી મિનિટો હજાર....

જોતજોતમાં આવી ગયો દાદાનો ગુરૂવાર
આદિનાથની યાત્રા કરતાં ધન્ય બન્યો અવતાર
જોતજોતામાં આવી ગયો પૂજનનો શુક્રવાર
સિધ્ધચક્રનું પૂજન મળીયું એની ખુશી અપાર
એવાં કઇંક કલાકો વિત્યા વિતી મિનિટો હજાર....

જોતજોતામાં આવી ગયો શુભમંગલ શનીવાર
ભદ્રેશ્વર, બહોંતેર જિનાલયની યાત્રા થઇ સુખદાય
સોનામાં સુગંધ ભળી, ગુરુરાજને વંદન કર્યાં સમુદાય
આવા કંઇક કલાકો વીત્યાં વીતી મિનિટો હજાર....

આનંદિત હૈયે હસ્તિનાપુર પ્રયાણ કર્યું ઉમળકા સાથ
'એનજોય' કરતી યાત્રા કરતાં અમ હૃદયે હર્ષ અપાર
અમ યાત્રિકોની પૂણ્યાઇથી યાત્રા મળી ખાસ
એવાં કંઇક કલાકો વીત્યાં વીતી મિનિટો હજાર

જોતજોતામાં આવી ગયો વિદાયનો બુધવાર
કદિ નહીં વીસરાય એવી યાત્રા કરી અપાર
આ વર્ષીતપ કદિ ના ભૂલાએ, અમ અંતરનો સાદ
જોતજોતામાં પહોંચી આવ્યા પોતપોતાને દ્વાર...

- *'યાત્રીકો'*

## વરસીતપનો મહિમા

અક્ષયતૃતીયા એટલે અવસર્પિણી કાળનો સોનેરી દિવસ. પ્રથમ તીર્થંકર જેઓ આદિ રાજા, સંસ્કાર પ્રણેતા, મુનિ, તપસ્વી હતા એવા ઋષભદેવ (આદિનાથ) દાદાની ૪૦૦ દિવસની તપસ્યા જેમાં ૧૩ માસ ૧૦ દિવસ સળંગ ચોવિહાર ઉપવાસ હતા એ તપસ્યાની અનુમોદનાર્થે ભાવિકો આરાધના સ્વરૂપે એકાંતરે ઉપવાસ કરી આ તપ કરે છે. આ વરસીતપનું પારણું હસ્તીનાપુર નગરીના રાજા શ્રેયાંસકુમારના હસ્તે સુપાત્રદાનરૂપે સર્વોતમ પાત્રને સર્વોત્તમ અવસરે સર્વોદયના દ્રવ્ય (ઇક્ષુરસ) થી થયું. આપણે યત્કિંચિત અનુકરણ કરી એમના આદર્શોની અનુમોદના-અનુપાલના અને આરાધના કરીએ છીએ. આ તપ એટલે સમગ્ર પ્રક્રિયાના પુણ્યશાળી તત્વોના અંશિક ભાવ પણ આપણને પ્રાપ્ત થાય અને જીવન પાવન બને તેવી પ્રાર્થના કરીએ. સર્વે તપસ્વીઓની ભાવપુર્ણ સુખ શાતાપૂચ્છા ને તપની અનુમોદના.... ઓવારણાં... અભિવંદના...

## ચર્ચાને ચોતરે

વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### અનુમોદના...

મંગલમય યાત્રા કરાવનાર 'નવધન' પરિવારને અનુમોદના.... વૃક્ષનો શોભા પાનમાં, માનવીની શોભા જ્ઞાનમાં, યાત્રામાં વરસી હેલી આનંદમાં, 'નવધન' પરિવારે પૂણ્યપ્રાપ્તી ભરી ખોખા ખોબામાં.

તારે તે તીર્થ કહેવાયે તો તરાવનાર (સંઘપતીઓ) ને શું ઉપમા આપવી ? શબ્દો પણ ખૂટી પડે. આવી મહાયાત્રાનું આયોજન કરી પૂણ્યના સરોવરોને છલકાવી જીવનરૂપી બાગ સર્જાયો. શુભકર્મોના ઉદયરૂપે મહેકતા પુણ્યોની માળાના તોરણ એમના જીવનબાગમાં બંધાયા. એમાં મળ્યો ટી.એમ.ટી.વાળાની અમુલ્ય સંગાથ સોનામાં સુગંધ ભળી.

રાષ્ટ્રસંત શાસન સમ્રાટ અચલગચ્છાધિપતી પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસુરીશ્વરજી મહારાજાની જન્મ શતાબ્દિ નિમિત્તે સમુહ વર્ષીતપની આરાધના ચાલી રહી છે. એ તપ માટે અમે ગદગ, હુબલી, બાગલકોટ, બીજાપુર, બેલ્લારી વગેરે ગામવાળા આરાધના કરાવનારા પ્રેરક પૂ. દેવરત્નસાગરજીને જરૂરથી યાદ કરશું. એમનિ નીશ્રામાં થયેલી આ વર્ષીતપની આરાધના કર્મનિર્જરાનું અનુપમ સોપાન છે.

વર્ષીતપના સર્વે આરાધકોને આવી સુંદર યાત્રાનું આયોજન કરી તેડી ગયા. પાલીતાણા, બહોંતેર જિનાલય, ભદ્રેશ્વર ઉપરાંત વળી હસ્તિનાપુર પણ યાત્રા કરી. સિધ્ધચક્રપૂજન અને ભક્તામર પૂજનનો પણ અમને યાત્રીકોને પૂર્ણ લાભ મળ્યો. ભાવપૂર્વક સમજાવતાં પૂજન કરાવ્યું. વળી ખડેપગે કર્મચારીઓની સેવાનું પુછવું જ શું ? સમયે સમયે પીરસનારાઓ કેટલા પ્રેમભાવથી સર્વેને પીરસતા હતા કશી વાતની કમી નહીં. બેગ સાથે, જમવાના સુંદર વાસણો, બ્લેંકેટ વગેરે પ્રભાવનાઓનું તો શું પૂછવું? તન-મન-ધન વાપરી ખો-ખો પૂણ્યનાં પોટલાં ભર્યાં. અમારા યાત્રીકોનાં પણ કેટલા પૂણ્ય હશે કે વર્ષીતપની આરોધના કરતાં કરતાં આવી મહાયાત્રા મળી એને કહીશું ઋણાનુંબંધ !

એવા 'નવધન' સંઘપતીઓને જીવનમાં કદિ નહીં વીસરીએ. શુભ મંગલમય ઉદાત્ત ભાવવાની વારંવાર હાર્દિક અનુમોદના કરીએ છીએ. સદાએ એમના જીવનમાં અરિહંત પ્રભુ લબ્ધિના ભંડાર એવી રીતે ભરતા રહે અને અનેક સતકાર્યો કરી સદાય નામ રોશન કરતા રહે એવી અમે યાત્રીકો ભાવના ભાવીએ છીએ.

*અંતર જેનું આસોપાલવ,*
*એવા આ સંઘપતીઓને બારેમાસ દિપોત્સવ...*

જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો મિચ્છામી દુક્કડમ્ !

**૧૯.૪.૧૩ બાગલકોટ** -*'યાત્રીકગણ'*

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## પાંજરાપોળોની અનુમોદનીય કાર્યવાહી

ગુજરાત-કચ્છમાં પાંજરાપોળોએ જીવદયાર્થે અબોલ પ્રાણીઓ બચાવવા અથાક જહેમત લીધી છે. અછતના કપરા કાળમાં પ્રાણીઓ બચાવવા અને નિભાવવા શ્રેષ્ઠ કામગીરી બજાવી છે. રાજ્ય સરકારે પાંચ સંસ્થાઓની અરજીઓને મંજુરી આપી આ મહાનકાર્યની નોંધ લીધી છે. જેમાં ૫૦૦૦ ઢોરોને બચાવવા બદલ અબડાસા ગૌશાળા ટ્રસ્ટ (રાપરગઢ)નો સમાવેશ છે. હાર્દિક અભિનંદન-અનુમોદના.

## પ્રાચીન જૈન મુર્તિ મળી

ચેંગલેપેટથી ૭ કિ.મી. દુર એક મંદિર પાસેના ઝાડના મુળીયામાં જકડાયેલી ૯મી સદીની ૪ ફૂટ ઉંચી પદમાસનમાં બેઠેલ મુર્તિ મળી આવી છે.

## 'હોપ-૧૦૦૦' પ્રોજેક્ટ ડેવલપમેન્ટ ટેન્ડર

KDO HOPE-1000 પ્રોજેક્ટ-ડોંબિવલીના ડેવલપમેંટ રાઇટસ માટેના પબ્લીક ટેન્ડરની નોટીસ બહાર પાડવામાં આવી છે. તા.૨૯.૪.૧૩ ના ટાઇમ્સ ઓફ ઇન્ડીયા પત્રના પાના નં.૬ ઉપર ટેન્ડર નોટીસ પ્રકાશિત કરાઇ છે.

## પક્ષુઓ માટે કુંડાનું નિઃશુલ્ક વિતરણ

પશુ-પક્ષીઓ માટે પાણીના માટીના કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ મા.વાલબાઇ મુલજી શાહ (સણોસરા) સર્વાંગી વિકાસ કેન્દ્ર દ્વારા દરરોજ ૬૪ કેન્દ્રોપર સવારે ૧૦ થી ૧ દરમ્યાન થશે. ''બહેના'' મુલુન્ડ કેન્દ્ર ૫ર વધુ માહિતી મળી શકશે.

## 'જિનાજ્ઞા' ઓપન બુક એક્ઝામ

શ્રી ક.દ.ઓ. જૈન મહિલામંડળ- વડોદરા દ્વારા ''જિનાજ્ઞા'' પુસ્તક આધારીત ઓપન બુક એક્ઝામ ગોઠવાઇ છે. રસિક ભાવિકોને બુક તથા પ્રશ્ન પત્ર વિવધ સ્થળે કાર્યકરો પાસેથી લઇ લેવા જણાવાયું છે. આ પરીક્ષાના વિજેતાઓને રોકડ પારિતોષિક જાહેર કરાયા છે. વધુ વિગત સંપર્ક : ઉષાબેન વીરેન્દ્ર લોડાયા- ૦૯૪૨૮૯૭૨૩૯૪

## શ્રી લબ્ધિભાઇ દ્વારા સામાજિક યોગદાન

જાણીતા સામાજીક કાર્યકર શ્રી લબ્ધિભાઇ મોમાયા દ્વારા શ્રી અખિલ મહેશ્વરી મેઘવાળ સમાજ નિર્મિત સમાજવાડી માટે રૂા.૫૧ હજાર તેમજ એ સમાજ સંચાલિત અંગ્રેજીશાળાને રૂા.૧૧૧૧૧૧/-નું અનુદાન શ્રીમતી સીમાબેન લબ્ધિકુમાર મોમાયા (ભલારાદાદા એસ્ટેટ એજન્સી) તરફથી ભેટ અપાયેલ છે. આ ઉપરાંત શ્રી લબ્ધિભાઇ દ્વારા જખૌમાં અબોલ પ્રાણીઓ માટે ઘાસચારો નિરણ નાખવામાં આવે છે.

## બેંગલોરમાં વરસીતપ પારણા

બેંગલોરના શ્રી પાર્શ્વ સુશીલધામમાં સાધુ-સાધ્વીજીવૃંદ અને ભાવિકોના વરસીતપ પારણા તા.૧૧.૧૨.૧૩ના ત્રયાન્હિક મહોત્સવમાં કરાશે. આ પ્રસંગે પ્રવચન પ્રભાવક મુનિ દેવરત્નસાગરજી મ.સા. આ.ઠા-૬ તથા પૂ.આ. કીર્તિસેન સુરીના આજ્ઞાવર્તી સા. હેમરત્નશ્રીજી અને મુક્તિરત્નશ્રીજીએ વરસીતપ કરેલ છે. અત્રે બને ગચ્છની સમાચારી મુજબ ૧૨ અને ૧૩ મેના પારણાં છે.

## વરાડીયા-દંડ પરિવાર

વરાડીયામાં બિરાજમાન દંડ પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઇમાંના ભૂવા શ્રી મણીલાલ જેઠાભાઇ દંડની ગંધી બદલવાનો પ્રસંગ ચૈત્રી પૂનમના સારી રીતે ઉજવાયો. આ પ્રસંગે બહારગામથી પચ્ચીસ ભાવિકો પધાર્યા હતા.

## બાંડીયામાં અતીથીઘર

બાંડીયામાં માતૃશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ મૈશેરી, (શેઠીયાણીમાં) તરફથી, પોતાનું ઘર સંઘનું અતીથીઘર બનાવવા શ્રી બાંડીયા મહાજનને સુપરત કરેલ એ પ્લોટ ઊપર ભવ્ય ચાર રૂમ તથા રસોડા સાથે ચાલીવાળું આધુનીક અતીથીઘર સ્વ. માતુશ્રી વિજયાબેન રતીલાલ


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર

(વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

લોડાયા (નાસીક) પરિવારે સંપુર્ણ પોતાના ખર્ચે બંધાવીને શ્રી બાંડીયા મહાજનને સુપરત કરેલ છે. નુતન અતીથીઘરનું ઊદ્‌ઘાટન તથા લોડાયા પરિવારનાં સચાઇ માતાજીનાં ભુવા બનાવવાના પ્રસંગે ગામમાં નાસિક, હૈદરાબાદ, મુંબઇ, બીલીમોરા અમદાવાદ, ભુજ અને નેત્રાથી ૨૧૩ જણાં પધારેલ, તા.૧૯.૦૪.૧૩ના બપોરે ભાવીકોએ શ્રી મહાકાલીમાતાજીની ભાવના ભણાવેલ. સાંજે ભલારાદાદા લોડાયા પરિવાર તરફથી શ્રી ભલારાદાદાનો પાઠ થયેલ. તા.૨૦.૪.૧૩ના સવારે શુભ ચોઘડીયે શ્રી નવીનચંદ આણંદજી લોડાયા (નાસિક)નાં હસ્તે જૈન-જૈનેતરોની બહોળી હાજરીમાં ઢોલનાં ધબકારે તાળીઓના તાલે, વિમલનાથ દાદાની જય સાથે નૂતન અતીથીઘરનું ઉદ્‌ઘાટન થયેલ આ નિમિતે વાસ્તુપુજા ભણાવવામાં આવેલ.

બપોરનાં ૩ વાગે મહાજનવાડીથી વરઘોડા રૂપે દાતાશ્રી પરિવાર તથા ગામનાં આગેવાન શ્રી જયેન્દ્રસિંહ જાડેજા સાથે ઢોલનાં તાલે સર્વે ગામવાસીઓ અતીથીઘરમાં પ્રવેશ કરેલ. મહાજનવાડીમાં શ્રી નવીનચંદ્ર લોડાયા, શ્રી અભેચંદ લોડાયા, અતીથીઘરનાં દાતાશ્રી લહેરચંદ લોડાયા, ખુશાલ લોડાયા તથા અતીથીઘર બનાવવામાં તથા ગામનાં દરેક કાર્યમાં જૈન-જૈનોતરમાં તન મન ધનથી હોંશે હોંશે ભાગ લેનારા સૌ.હર્ષાબેન રાજેન્દ્ર તથા રાજેન્દ્ર કુંવરજી લાલકા, ભુમી દાતાનાં સુપુત્રી જયાબેન રતનશી મોમાયા આદિ બધાનું શાલ શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી નરેન્દ્ર રાઘવજી લોડાયાની અમુલ્ય સેવાનો ઊલ્લેખ કરાયેલ, ૩૫૦ ગામવાસીઓની હાજરીમાં દરેક ગામને અતીથીઘરની જરૂર કેમ પડી ? તેની સ્વરચિત કવિતા શ્રી તીલક લાલકાએ રજુ કરેલ. આ પ્રસંગે ઊમરશી ધુલ્લાનું બહુમાન કરવામાં આવેલ. ટુંક સમયમાં સ્વ.માતુશ્રી કસ્તુરબાઇ વીશનજી નાગડા પાસેથી બાંડીયા મહાજને વેચાતું લીધેલ મકાનનું પણ યોગ્ય નુતનીકરણ શ્રી બાંઢીયા મહાજન તરફથી કરવામાં આવશે.

આઠ દિવસ સર્વે જૈનો માટે રસોડાની વ્યવસ્થા લોડાયા પરિવાર-બાંડીયા તરફથી રાખવામાં આવેલ. વ્યવસ્થા શ્રી નરેન્દ્રભાઇ સંજય, હીરલ, મહેશ, ડોલર, અમર તથા મીત લાલકાએ સંભાળેલ. ગામમાં મહાજનશ્રીના બગીચામાં ફળ-ફુલ-શાકભાજી વગેરે સારી રીતે ઉછેરાય છે. ૧૮૭ વર્ષથી બાંડીયામાં બીરાજમાન શ્રી વિમલનાથ દાદાની કૃપા વરસી રહી છે. બીજું બલસાણા તીર્થ કચ્છમાં બાંડીયામાં ઉદભવ્યું છે. ભાવિકો દર્શનાર્થ પધારે તેમ આમંત્રણ છે.

## નલીયામાં મહાવીર જન્મકલ્યાણક ઉજવણી

તા.૨૩.૪.૧૩નાં નલિયા તિર્થે મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવની ભવ્ય ઉજવણી થઇ. પ્રભુજીના રથમાં બેસવાનો અને સારથી બનાવાનો લાભ શ્રી ખીમજી ભાણજી નાગડા હ. શ્રી મહેશભાઇએ લીધેલ. મહાવીરસ્વામિની પૂજા કરવાનો લાભ શ્રીમતી ભારતીબેન ભદ્રીચંદ દંડ (છાદુરા-ડોંબિવલી)એ લીધેલ.

પ્રભુજીની આ શોભાયાત્રા ધામધુમથી નીકળેલ જેમાં સારી સંખ્યામાં ભાવિકો જોડાયેલ. કાર્યક્રમ બાદ પ્રભાવના એક સદગૃહસ્થ પરિવાર તરફથી થઇ. રાત્રે પ્રભુજીના ભક્તિ ભાવના રાખવામાં આવેલ જેમાં પણ સૌ ભાવિકો પધારેલ અને પ્રભાવનો એક સદગૃહસ્થ પરિવાર તરફથી હતી.

ચૈત્ર શાશ્વત આયંબિલ ઓળી માતુશ્રી દેવીકાબેન શીવજી નાગડા (નલિયા-ઘાટકોપર) પરિવાર તરફથી હતી તેમના તરફથી પ્રભાવનાં રાખવામાં આવેલ.

ચૈત્રી પુનમાં શ્રી શત્રુંજય તિર્થના ભાવયાત્રા ૧૦૮ ખમાસણ આપવામાં આવેલ જેમાં સારી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધેલ. યાત્રાબાદ પ્રભાવના શ્રી મણીકાંત ગોવિંદજી લાલકા પરિવાર તરફથી કરવામાં આવેલ.

## શત્રુંજય તીર્થ રક્ષા અંગે વિચાર વિમર્શ બેઠક

શ્રી શત્રુંજય મહાતીર્થ પરિસરમાં તીર્થરક્ષા આશાતના નિવારણ અને અન્ય સમસ્યાઓના ઉકેલ માટે વિવિધ ધર્માચાર્યોએ વિચાર વિમર્શ કરી વિવિધ અનુષ્ઠાનમાં માંગલિક (બંધ) રાખવાની અને તેની આચારસંહિતા ઘડવા એકમત થયા છે. તીર્થમાં દરેક રીતે કોઇપણ પ્રકારની વિરાધના ટાળવા, સમજણ કેળવવા માર્ગદર્શન કરાયું અને તે પ્રમાણે પગલા લેવા અભુતપૂર્વ નિર્ણય લેવાયો.

સ્થાનિક કેટરર્સ, ડેકોરેટર્સ અને અન્ય લેબરની હેરાનગતી અને ગેરવ્યાજબી માગણીઓ થકી અનુષ્ઠાન

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708 . 25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પૂ.આ.શ્રી ગુણસાગરજીના જન્મ શતાબ્દી વર્ષમાં સમગ્ર ગચ્છસ્તરે વિવિધ સંઘોમાં વિક્રમરૂપ પૂ.આ.શ્રી અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસુરીજી અને શ્રમણ-શ્રમણીઓ તથા શ્રાવક-શ્રાવીકાઓએ મહાન વરસીતપ કરેલ જે સર્વેને સુખશાતા પૃચ્છા, વંદના અને અનુમોદના.

- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

આયોજકોને હાલાકી વેઠવી પડે છે. વળી તીર્થમાં અનેક વિધ કાર્યક્રમો હોવાથી અહીં ઘણો મજુરવર્ગ પોષાય છે. અને રોજગારી મેળવે છે. એ સાથે ત્યાં દારુ અને માંસાહારની બદ્દી પણ વધતી જાય છે. જે પ્રદુષણ તીર્થની પવિત્રતાને નુકશાન કર્તા છે. આ નિર્ણય થતા ઘણા આયોજનો રદ્દ કરાયા છે. આ બાબતે સરકાર ત્વરીત પગલા લે તેવી જૈન સંઘે માંગ કરી છે.

પૂ.આ.શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ. શ્રી હેમપ્રભુસુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં આ વિચાર વિમર્શ સભામાં એકઠા થયેલા ધર્માચાર્યોમાં એકમતી સધાઇ છે.

## અમરાવતી

અત્રે મહાવીર જન્મ કલ્યાણદિનની ઉજવણી કરાઇ હતી. ગામમાં પ્રભુજીની રથયાત્રા નીકળી હતી. મેડીકલ ચેકઅપ કેમ્પમાં ૧૭૫ જણાંએ લાભ લીધેલ. સંઘ સ્વામીવાત્સલ્ય હતુ. અત્રેના વાસણ બજારના શ્વે.જૈન દેરાસરને ૧૫૦મું વર્ષ ચાલુ છે. વિખ્યાત આ કાચનું મંદિર સોનેરી રંગથી સુશોભિત છે. આ દેરાસરનું નિર્માણ કાર્ય ૧૮૬૪માં શરૂ થયેલ. પૂ.આ.જિનમાણેકસુરીની નિશ્રામાં પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠા થઇ. ચાર હજાર ચો.ફૂટ સંકુલમાં સુંદર દેરાસર, ઉપાશ્રયો આરાધના મંડપ વગેરે છે. સમગ્ર દેરાસરને કાંચ જડિત શોભાકામ કરાયું છે. વર્ષ ૨૦૦૬માં જિર્ણોદ્ધાર થયેલ. આ ભવ્ય કાચ મંદિરના દર્શનાર્થે અનેક ભાવિકો સંઘો લઇ પધારે છે. જ્ઞાતિના શ્રી હરીશ ભવાનજી ધરમશી આ દેરાસરજીના ટ્રસ્ટબોર્ડમાં છે.

## ભુજપુર મહાકાલી મંદિરે નવરાત્રિ ઉજવણી

કચ્છ ભુજપુર સ્થાને શ્રી જિનેન્દ્ર જ્યોતિધામ મંદિર સ્થાને ચૈત્ર નવરાત્રિ આઠમના મહાઅભિષેક, માતાજીનું મહાપૂજન-હવન બધી મૂર્તિઓના શણગાર, ચુંદડી વિશેષ ભક્તિ જીવદયા પ્રવૃતિથી ઉજવાયેલ જેનો લાભ સૌ. રશ્મિ પ્રતાપ, સૌ.પ્રભા હેમેન્દ્ર, શ્રી હીરાલાલ ડાઘા, શ્રી કલ્પેશ મોતા પરિવારે લીધેલ. ગામવાસીઓ મંદિરના શણગાર વિશેષ આંગી ભક્તીથી પ્રભાવિત થયેલ. પૂજન યતિશ્રીએ કરાવેલ. બહારગામથી પધારેલ ભાવિકોનું હર્ષવર્ધને સ્વાગત કરી આભાર વ્યક્ત કરેલ. મંદિરના જિર્ણોદ્ધાર અન્ય કાર્યો માટે દાતા પરિવારોની અનુમોદના કરવામાં આવેલ.

## સાંચરા

અત્રે તા.૨૩.૪.૧૩ના મહાવીર જન્મ કલ્યાણક દિને માતૃશ્રી મણીબાઇ ખેતશી મોમાયા હસ્તે ઉત્તમભાઇ તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ તથા બપોરે મહાવીર પંચકલ્યાણક પૂજા ભણાવાયેલ. તેમના તરફથી પેંડાની પ્રભાવના હતી.

તા.૨૪.૪.૧૩ના માતુશ્રી ધનબાઇ શીવજી લોડાયા હસ્તે ગીરીશભાઇ તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ.

તા.૨૪.૪.૧૩ના માતુશ્રી મણીબાઇ ખેતશી મોમાયા હસ્તે ઉત્તમભાઇ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં સૌએ સારી રમઝટ જમાવી.

તા.૨૫.૪.૧૩ના માતુશ્રી દમયંતીબેન દામજી મોમાયા તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ. ભાગ્યવંતીબાઇ હીરાચંદ મોમાયા (જલગામ) તરફથી રૂા.૧૦નું સંઘપૂજન થયેલ. અત્રે દાદાનો દર્શન કરવા યાત્રીકો સારી સંખ્યામાં આવે છે.

## લાલા-સાંઘવના દંડ પરિવાર

તા.૧.૫.૧૩ના લાલા-સાંઘવનાં દંડ પરિવારનાં શ્રી નાગરજા સતો દાદાની ચતુર્થ પહેડી આનંદપૂર્વક સંપન્ન થઇ બન્ને ગામના ભાવિકો તથા નિયાણી બહેનો પધારેલ.

શ્રીમતી ચેતનાબેન હરીયાની સંગીત પાર્ટીએ પહેડી પ્રસંગોચિત ગીતો, રાસ ગરબાની રમઝટ જામી. પહેડીનાં ભાવાર્થી પરિવારો (૧) શ્રી શામજી નરશી દંડ (૨) શ્રી નવીન હીરજી દંડ (૩) શ્રી હિરાચંદ નરશી દંડ (૪) મગલભા શ્રી ગોવિંદજી ખીમજી દંડ (૫) શ્રી મણીલાલ પદમશી દંડ (૬) માતુશ્રી લક્ષ્મીબેન ઉમરશી દંડ (૭) માતુશ્રી નવલબેન જેઠાભાઇ દંડ (૮) માતુશ્રી હીરબાઇ રતનશી દંડ (૯) માતુશ્રી લક્ષ્મીબેન માણેકજી દંડ હતા.

## વિસામો ગ્રુપ-મુલુન્ડ

વિસામો ગ્રુપ પરિવાર-મુલુન્ડ દ્વારા દર વર્ષ પ્રમાણે સમાજના છાત્રો માટે રાહતદરે નોટબુક વિતરણ રવિ તા.૧૯.૫.૧૩ના સવારે ૧૦થી૧માં ગ્રુપના કાર્યાલયે એલ ડી માસ્ટર, સાઇનિવાસ, આર.બી.એચ. રોડ મુલુન્ડ (વે) થી ઓરીજીનલ પરિણામપત્રક બતાવીને લઇ જવા જણાવાયું છે. રેગ્યુલર, લોંગબુક અને A-4 કોલેજબુક ૨૦૦ અને ૧૦૦ પાનાની મળશે.



ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## બડગરા કલીકટ મહિલામંચ

તા.૧૩.૪.૧૩ના સૌ. રેખા કાંતિલાલ દંડના ઘરેમંચની મીટીંગ મળેલ. નવકારમંત્રથી પ્રારંભ થયેલ. વેલકમ ડ્રિંક આપી મંચની ચર્ચા ચાલી. એક મીનીટની સ્ટ્રોની ગેમ રાખી હતી. એમ વિજેતા સૌ. આશાબેન ધરમશી તેમજ સૌ.સુશીલા ખોના હતા.

હાઉસી ગેમ રમ્યા પછી બિસ્કીટ કેક બનાવવાની રીત બતાવી. છેલ્લે સ્વાદીષ્ટ ભોજન જમીને બધા છુટા પડ્યા.

## શ્રી ભલારાદાદા લાલપુરમાં ધ્વજા મહોત્સવ

મુંબઈમાં દાદાની પહેડીમાં ચારેક હજાર ભાવિકોની હાજરી બાદ ચૈત્રી તેરસ, ચૌદશ, પુનમના લાલપુરમાં ધ્વજા મહોત્સવ ત્રણેય દિવસ ૫૫૦ ભાવિકોની હાજરીમાં ઉજવાયો. યુવકમંડળના હોંશીલા કાર્યકરો દાદાનાં મંદિરમાં સજાવટ, લાઈટીંગ અને ડેકોરેશન કરેલ મહાવીરજયંતીના ટ્રેક્ટર શણગારીને ગામના મુળનાયક ધર્મનાથ જિનાલય સુધી શોભાયાત્રા નીકળેલ. ગામવાસી જૈન સમાજે નવકારશી કરાવેલ. બીજા દિવસે સવારે ભલારાભક્તિ જાપ થયા બાદ બપોરના પૂ.યતિવર્યશ્રી મોતીસાગર શ્રીજી મ.સા.એ મહાકાળી માતાજીનું પુજન કરાવેલ. ત્રીજા દિવસે વિવિધ ઉછામણીઓ બાદ શીખરે નવી ધ્વજા ચડાવાયેલ. ત્રણેય દિવસે રાતે દાદાનો પાઠ રાખેલ. રાત્રે દિવડાઓની મહાઆરતી હતી. ભક્તિભાવના રાખેલ હતી.

દાતા ભાવિકોએ ઉછામણીઓનો સુંદર લાભ લીધેલ. સર્વે ભાવિકો તથા કાર્યકર્તા ભાઈ-બહેનોએ મહોત્સવમાં હોંશથી પ્રસંગને પાર પાડેલ. ભોજન વ્યવસ્થા તન-મન-દુર્સવાળાએ સંભાળેલ. આ પ્રસંગે દેશ-દેશાવળ મુંબઈથી જ્ઞાતિ અગ્રણીઓ પધારેલ.

## શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ, વરાડીયા

ચૈત્રી બીજના ડાઘા કુળદેવી શ્રી મોમઈમાના વરાડિયા સ્થાનકે ભુવાશ્રીની બાના બદલી, મંદિરની ધ્વજારોહણ તથા વરાડીયામાં દાદા ભલારાના સ્થાને ધ્વજારોહણ નિમિતે પચાસેક ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર પ્રસંગના સૌજન્ય દાતા માતુશ્રી કસ્તુરબાઈ દામજી ડાઘા (કોઈમ્બતુર) તથા માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા (મુંબઈ) હતા.

ગાંધીધામથી ભદ્રેશ્વર, વાંકી, ભુજપુર, ૭૨ જિનાલય તથા ગુણ પાર્શ્વતીર્થની પંચતીર્થી તથા પાછા વળતા જખ બઉતેરા તથા પાર્શ્વવલ્લભ તીર્થ ધામનાં દર્શન ક્ર્યા. યાત્રા પ્રવાસમાં મુંબઈથી ૨૪ ભાવિકો જોડાયા હતા.

## સામાજિક સુરક્ષા યોજના

શ્રી કેડીઓ વેલ્ફેર એસોસીએશનની સામાજીક સુરક્ષા યોજનામાં એપ્રીલ ૧૩માં ૨૯ નવા સભ્યો જોડાયા. જાન્યુ થી માર્ચ ૧૩માં જે સભ્યો જોડાયા. ૫૫ વર્ષ પુરા ક્ર્યા છે. તેઓને ડીપોઝીટની રકમ ચેક દ્વારા પરત કરવામાં આવી છે. હજુ સુધી જેમને ડીપોજીટ ન મળી હોય તેમણે શ્રી દીપક ગંગાજર ડાઘા (૮૯૭૬૦૧૭૮૩૦) અથવા શ્રી કાંતિલાલ લખમશી વિકમશી (૯૮૩૩૦૬૮૮૮૧)નો સંપર્ક સાધવા વિનંતી કરાઈ છે.

## ચૈત્રી પુનમ નિમિતે યાત્રા પ્રવાસ

શ્રી દીપક ગંગાજર ડાઘા સંગાથે ૧૨ કુટુંબી સ્નેહીજનોએ લાલપુરમાં ચૈત્રી પુનમ નિમિતે જવા સાત દિવસના યાત્રા પ્રવાસમાં ૪૪ યાત્રા સ્થળો આવરી લેવાયા. જેમાં ૧૦૮માંના ૯ પાર્શ્વનાથજી, ૬ દેવી તીર્થો તથા ૭ દેવસ્થાનોનો સમાવેશ થાય છે. વીજાપુર (સ્ફુલીંગ) પાટણ (પંચાસરા), ચાણસ્મા (ભટેવા), ગાંભુ (ગંભીરા), શંખેશ્વર માંડલ (ગાડલીયા), જામનગર (ભાભા), ધોળકા (કલીકા) તથા નરોડા (પદમાવતી), પાર્શ્વનાથજી, અંબાજી મીની પાવાગઢ, વક્તાપુર (મહાકાલી), બહુચરાજી ચોટીલા (ચામુંડા) ગોંડલ (ભુવનેશ્વરી તથા નરોડા (પદમાવતી) ઉપરાંત સ્થાનોમાં મહુડી (ઘંટાકર્ણ મહાવીર), આગલોડ (મણીભદ્ર), કુવાડવા (દાદા ભલારા તથા પદ્ઘાપીર), લાલપુર (દાદા ભલારા), પાટણવાવ (મેઘનાથ દાદા), રણુજા (રામદેવ) તથા વીરપુર (જલારામબાપા)ના દર્શન કરી સર્વે યાત્રિકો ભાવવિભોર થયેલ. અન્ય યાત્રા સ્થળોમાં અમદાવાદ, ઘણપ, માણેકપુર સિદ્ધાચલ, વક્તાપુર, ઈડર, વડાલી, બ્રહ્મ, કુંભારીયાજી, તારંગા, સંભવધામ, લબ્ધિધામ, પાકડર, લઢવાણ, ડોલીયા, રાજકોટ, ઘંટેશ્વર (નાગેશ્વરજી), નવકારધામ, રાજગૃહ, વગેરેની સ્પર્શના થયેલ. પ્રવાસમાં સૌને ખુબજ આનંદ થયો.

## શ્રી વરાડીયા જૈન મહિલામંચ, મુંબઈ

શ્રી અશોક દામજી ડાઘાના સહયોગથી સપ્ટેમ્બર ૧૩માં આયોજિત પાંચ દિવસીય કોઈમ્બુતર તથા આસપાસના સ્થળોની યાત્રા પ્રવાસમાં ઉટી કોડાઈકનાલ, મદુરાઈ વગેરેનો સમાવેશ છે. હજુ પણ જેમને જોડાવવાની ઈચ્છા હોય તેમને પોતાના નામ કમીટી મેમ્બરો પાસે નોંધાવવા વિનંતી કરાઈ છે.

૨૬.૫.૧૩ના આયોજીત લોનાવાલા એક દિવસીય પિકનીક માટે નામ સત્વરે નોંધાવવા વિનંતી કરાઈ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-કાંજુરમાર્ગ

શ્રી અનંતનાથ કોમ્પલેક્સ કાંજુરમાર્ગમાં ચૈત્રમાં એકમથી નોમ સુધી દરરોજ રાત્રે બહોળી સંખ્યાની હાજરીમાં મહાકાલી માની ભાવના ભણાવવામાં આવી. ૧૭.૪.૧૩ થી ૨૫.૪.૧૩ સુધી સાશ્વતી આંયબીલ ઓળી માતુશ્રી હંસાબેન મણીલાલ કૂરવા પરિવાર

(ગોધરા-મુલુન્ડ) ડૉ. રાજેન્દ્ર ફૂરવા (ભાંડુપ) તરફથી આયંબીલ આરાધના કરાવવામાં આવી. વ્યવસ્થા મહિલા મંડળે સંભાળેલ.

## શ્રી કે.ડી.ઓ. જી.વી.સી. જૈન સંઘ

સંઘના ઉપક્રમે પૂ.સા.શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી આદિ ઠાણા બેની નિશ્રામાં ચૈત્રની આયંબિલની ઓળી અનંતછાયા ઘાટકોપરમાં ઉજવાઇ. યંત્ર ઉપર સિધ્ધચક્રની આરાધના, રોજ પદ પ્રમાણે વ્યાખ્યાન, શ્રીપાલ-મયણા રાસનું વાંચન તથા બપોરના સામાયિકમાં પણ પુજ્યશ્રીએ સુંદર આરાધના કરાવી. શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણક દિને શ્રી સિધ્ધચક્રનો માંડલો રચીને આરાધના કરાવી. જેમાં દાતા પરિવારો સૌને લાભ મળેલ. સાંજે સંધ્યા ભક્તિ બાદ સમુહ મહાઆરતી તથા જન્મ કલ્યાણક નિમિતે બર્થડે કાર્ડ હરીફાઇ રાખવામાં આવી હતી. ચૈત્ર પૂનમના સમૂહમાં સિધ્ધગિરીના ૧૦૮ ખમાસમણા બાદ ભાતું સંઘ તરફથી રાખવામાં આવેલ. દરરોજ ૪૫-૫૦ આયંબિલ સંઘના રસોડે થતા હતા.

સંઘ દ્વારા તપસ્વી તથા દાતાઓનો આભાર માની અનુમોદના કરાઇ. તા.૧૯/૨૦/૨૧.૫.૧૩ના શ્રી અનંતનાથ દાદાની જિનાલયની ૨૩મી વર્ષગાંઠ નિમિત્તે ત્રિયાન્હિકા મહોત્સવ યોજાયેલ છે.

## શ્રી જખૌ યુવા મંચ

જખૌ યુવા મંચના ઉપક્રમે કોકણયાત્રા પ્રવાસ તા.૨૦/૨૧ એપ્રિલ ૧૩ના સફળતાથી સંપન્ન થયેલ. આ યાત્રામાં કુલ ૪૨ યુવાઓએ ભાગ લીધો. મુલુન્ડમાં શ્રી વાસુપુજ્ય સ્વામી દેરાસરે દર્શન કરીને પ્રારંભ કરેલ. ત્યાંથી નાગોઠાણા તીર્થે શ્રી ચંદ્રપ્રભુસ્વામીના દર્શન કર્યા એ પછી જહાજ મંદિર તીર્થ શ્રી મુનિસુવ્રતસ્વામીના દર્શન કરી પ્રખ્યાત હરીહરેશ્વર મંદિરે ગયા અને સાંજ દરિયાકિનારે ઠંડી હવા અને રમતગમત રમી આનંદ કર્યા રાત્રી રોકાણ પોટનેર તીર્થમાં કર્યું.

બીજે દિવસે સવારના પોટનેર તીર્થે શ્રી કોકણ પાર્શ્વનાથ દાદાની અષ્ટપ્રકારી પુજાનો લાભ યુવા મંચે ચડાવો લઇને લીધો. ભાવથી પ્રક્ષાલ, પુજા અને સમુહ ચૈત્યવંદનનો લાભ લીધો. ત્યારબાદ નવકારશી કરી યાત્રાના દાતાઓનો આભારદર્શન કરી યાત્રીકોનું અભિવાદન કરેલું. ત્યાંથી દિવેઘર બીચ જઇ સભ્યોએ બનાનાબોટ રાઇડ, જેટસ્કી, પેરાગ્લાઇડીંગ, હોર્સરાઇડીંગ વેગેરે આનંદ માણી ત્યાંના ગણપતિ મંદિરે દર્શન કરી મુંબઇ તરફ રવાના થયાં. સમગ્ર યાત્રા દર્શન પ્રભુભક્તિ, ભાવના અને મોજમસ્તી સાથે સફળ સંપન્ન થઇ. સૌ યુવાઓની પરસ્પર ઓળખ થઇ.

## કે.ડી.ઓ. જૈન મુંબઇ મીડટાઉન સંઘ

સંઘની સામાન્ય સભા ૫.૫.૧૩ના શ્રી કિરીટભાઇ લાપસીયાના પ્રમુખપદે યોજાઇ હતી. જેમાં ગત વર્ષોના હિસાબો મંજુર કરવામાં આવ્યા હતા. અને આગામી ત્રણ વર્ષ ૧.૪.૧૩ થી ૩૧.૩.૧૬ માટે નવી કાર્યકારી સમિતિની નિમણુક કરવામાં આવી હતી.

જેમાં શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા (પ્રમુખ), શ્રી રતિલાલ વાલજી ખોના (ઉપપ્રમુખ), શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશી (દ્વિતિય ઉપપ્રમુખ), શ્રી અશોક સોમચંદ દંડ (માનદ્‌મંત્રી), શ્રીમતી વનિતાબેન હરીશ નાગડા (સહમાનદ્ મંત્રી), શ્રી ઉપેન્દ્ર કાંતિલાલ ગોસર (ખજાનચી), શ્રી હિરાલાલ હંસરાજ ડાઘા (પ્રોગામ કન્વિનર), શ્રી કેતન શિવજી વિકમશી (સભ્ય), શ્રી રાજેશ શામજી લોડાયા (સભ્ય), શ્રીમતી ખમાબેન ધર્મેન્દ્ર નાગડા (સભ્ય), શ્રીમતી મીનાબેન પંકજ લોડાયા (સભ્ય).

સંઘના હાલના કાર્યક્ષેત્ર વડાલા, માટુંગા, સાયન, ચુનાભટ્ટી, દાદર, ચેમ્બુરને વિસ્તારી તેમાં પરેલ, લાલબાગ, ચીંચપોકલી અને વરલીને આમેજ કરવામાં આવેલ. સંઘની મેમ્બરશીપના પ્રકાર-પેટ્રન, આજીવન અને વાર્ષિક માટેના લવાજમ અનુક્રમે રૂા.૧૧,૦૦૦, રૂા.૨૫૦૦, અને રૂા.૨૦૦, નક્કી કરવામાં આવેલ. કાર્યકારી સમિતિમાં પેટ્રન અને આજીવન સભ્યોનેજ લેવામાં આવશે.

આ સભામાં સભ્યોના લાભાર્થી શ્રી નિલેશ શીવજી વિકમશીએ શિક્ષણ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. શ્રી વસંત વિકમશીએ પરદેશમાં ઉચ્ચ શિક્ષણ લેવા બાબત માર્ગદર્શન આપ્યું. શ્રી ઉત્તમ લોડાયાએ એન્જીનિયરીંગ શિક્ષણ બાબત સારી જાણકારી આપી અને શ્રી નિલેશ કરમશી વિકમશીએ શેરબજાર બાબત માર્ગદર્શન આપવા તત્પરતા દેખાડી. શ્રી ધમેન્દ્ર નાગડાએ વૈકલ્પિક દવાઓ સસ્તામાં કેમ મેળવી શકાય તેનું માર્ગદર્શન આપ્યું. શ્રી ખમાબેન નાગડાએ સંઘની પ્રવૃત્તિઓ વિષે જાણકારી આપી.

સૌની સ્વપરીચય વિધિ થઇ. અંતમાં શ્રી અશોક દંડે સભ્યોનો, જુની કાર્યકારી સમિતિનો અને શ્રી હિરાલાલભાઇ ડાઘાનો આ સભા પછી સાધાર્મિક ભક્તિ યોજવા બદલ આભાર માનેલ.

સંઘનો પ્રથમ કાર્યક્રમ ૨.૬.૧૩ સવારના ૮ થી ૧ સુધી વાલ્કેશ્વરમાં આવેલ જૈન દેરાસરોની ચૈત્ય પરીપાટી યોજવામાં આવી છે. બસ માટુંગાથી નીકળી, વડાલા, પરેલ, લાલબાગ, ચિંચપોકલી, જેકબ સર્કલ થઇ વાલકેશ્વર જશે. સંઘના પરિસરમાં રહેલાં સર્વે જ્ઞાતિજનોને જોડાવા આમંત્રણ છે. સભ્યો માટે કોઇ ચાર્જ નથી પણ રૂા.૧૦૦ ડીપોઝીટ છે. અન્યો પાસે ૨૫.૫.૧૩ સુધીમાં ફી સાથે નામ નોંધાવવા વિનંતી કરાઇ છે.

## વારાપધ્ધર

૨૫.૪.૧૩ના વારાપધરમાં બિરાજતા દાદા ભલારાની ગંધી બદલાવવાનો કાર્યક્રમ રાખેલ. ભૂઇમાં શ્રીમતી વિજયાબેન રાજેશ લોડાયાએ ગંધી બદલાવેલ. તેમાં સર્વે વારાપધરવાસીઓ તથા બહારથી ગાંધીધામ, હૈદ્રાબાદ અને વિંઝાણથી ભાવિકો પધારેલ. આ કાર્યક્રમ માટે લીતેશભાઇ, ઉમરશીભાઇ વિકમશી તથા મંજુલાબેન દામજીભાઇએ સારી જહેમત ઉઠાવેલ. ગામવાસીઓનું સાથ સહકાર મળેલ. ત્યારબાદ બપોરના કોઠારામાં ભોજન લઇ સૌ છુટા પડેલ.

## દલતુંગીમાં બાલવાટિકા અર્પણ સમારોહ

માતુશ્રી જશવંતી સુરેશ લખમશી લોડાયાની પુણ્ય સ્મૃતિમાં તેમના સુપુત્રો અમીત તેમજ અલ્પેશ બંધુબેલડી દ્વારા રૂા.૨,૫૦,૦૦૦ ના ખર્ચે પ્રાથમિક શાળાની બાજુમાં બાલવાટિકા બનાવી દલતુંગી ગામને અર્પણ કરેલ છે. આ કાર્યક્રમમાં દાતાઓનું ઢોલ-શરણાઇથી ગ્રામજનોએ સ્વાગત કરેલ. ધ્વજવંદન ૨૬.૧.૧૩ના સુરેશભાઇના હાથે કરાયેલ. બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ તેમને ઇનામો દાતા દ્વારા આપવામાં આવેલ. દાતા પરિવાર દ્વારા બાળકો તેમજ ગ્રામજનોને નાસ્તા પાણીની વ્યવસ્થા હતી. ભૂતપૂર્વ સરપંચો શ્રી મહેન્દ્રભાઇ માલદે, પીંટુભાઇ, ગાંડાભાઇ વકાતર મહોબતસિંહ જાડેજા હાજર રહેલ.

સ્વાગત પ્રવચન સરપંચશ્રી રણુભા જોરૂભા જાડેજાએ કરેલ. દિશિતા ભુપેન્દ્ર લોડાયા તરફથી રૂા.૫૧૦૦ અને માતુશ્રી જયાબેન મણીલાલ તરફથી રૂા.૧૧૦૦ બાલમંદિરના બાળકો માટે દાન મળેલ.

ગામના સક્રિય કાર્યકરો સર્વશ્રી ગુમાનસીંહજી જાડેજા રાજાબાપુ પિરૂભાઇ વગેરેએ કાર્યક્રમ તેમજ બાલવાટિકા બનાવી તેમાં પૂરતું ધ્યાન આપેલ. બાલવાટિકાનું બાંધકામ તેમજ તેમા પ્રવેશદ્વાર વિગેરે રંગપુર શાળાના ભૂતપૂર્વ આચાર્યશ્રી ગુલાબચંદ ત્રીકમજી નાગડાની દેખરેખ હેઠળ થયેલ.

## શ્રી જયંત લાપસીયા

શ્રી જયંત લક્ષ્મીચંદ લાપસીયા (રવા-માટુંગા)એ IPL ક્રિકેટ ટુર્નામેન્ટની અંગ્રેજી રનીંગ કોમેન્ટરી માટે મુંબઇ ઇન્ડીયન અને KKR ટીમ વચ્ચે તા.૭.૫.૧૩ના રમાયેલી મેચનું જીવંત પ્રસારણ ઓલ ઇન્ડીયા રેડીયો પરથી સવારે ૭.૫૫થી આપેલ.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.


## શ્રી ભલારા ભક્તિ મંડળ-હૈદરાબાદ

મંડળ દ્વારા તા.૨૪.૪.૧૩ના કચ્છીભવનમાં ભલારાદાદાની ૨૦મી સમુહ પહેડી તથા પાઠ સંપન્ન થયેલ. પાઘડીનો લાભ ડ્રો દ્વારા શ્રી કુલીન મણીલાલ છેડાને આપવામાં આવેલ તથા અખા તથા સોપારી શ્રીમતી મીનાબેન મોનીક ધરમશીને આપવામાં આવેલ.

સર્વશ્રી હરેશ પદમશી મોતા, કાંતિલાલ દામજી મોતા, વિપુલ ગુલાબચંદ મોતા, પ્રિતેશ લહેરચંદ લોડાયા, જીતેશ ડુંગરશી લાલકા, મીહીર ગીરીશ મોતા, હિરાંક હરીશ મોતા, રોમીલ દિલીપ મોતા આદી કાર્યકર્તાઓની જહેમતથી કાર્યક્રમ આનંદ તથા ઉત્સાહભેર સંપન્ન થયેલ. વિવિધ દાતાઓએ ઉમંગે યોગદાન નોંધાવેલ.

## ભાંડુપમાં પંચાન્હિકા મહોત્સવ

પુ.સા.શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મ.સા.ની ચતુર્થ પૂણ્યતિથિ તથા પૂ.સા. શ્રી ગુણમાલાશ્રીજી મ.સા. ના સંયમજીવનની અનુમોદના અર્થે ભાંડુપ આદિનાથ જિનાલયે ઉજવાયેલ પંચાન્હિક મહોત્સવમાં તા.૧.૫.૧૩ના ભાંડુપની સર્વે પાઠશાળાના વિદ્યાર્થીઓનું સમુહ સામાયિક તથા મહાકાળીમાતાજીની ભાવના શ્રી અનંત મિત્ર મંડળે ભાવેલ. તા.૨.૫.૧૩ના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, તા.૩.૫.૧૩ના સવારના યતિશ્રી મોતીસાગરજી મ.સા.એ સંગીતકાર ભરત શાહના સથવારે નવગ્રહ, દશ દિગપાલ અષ્ટમંગલ વગેરે પૂજન બાદ સાધાર્મિક ભક્તિ રાખવામાં આવેલ. બપોરના દેશાવગાસીક સામાયિકમાં કાંજુરમાર્ગ, ડોંબિવલી, અંબરનાથ અને વસઇ વગેરેથી જ્યાં જ્યાં પૂજ્યશ્રીના ચાતુર્માસ થયેલ ત્યાંની શ્રાવિકાઓએ સફેદ વસ્ત્રોમાં પરિધાન થઇ સામાયિકનો લાભ લીધેલ. તેમની માટે ચોવિહારની વ્યવસ્થા કરવામાં આવેલ.

તા.૪.૫.૧૩ બપોરે ૨ વાગ્યાથી મુનિશ્રી મોક્ષરતિવિજયજી રચિત ૧૮ પાપસ્થાનક આલોચના સંગીતના સૂરો સાથે સંગીતકાર સાગર કેન્ડુલકરે, પંડિત શ્રી વિશાલભાઇ ધરમશીના વિવેચન સાથે ખુબજ સુંદર રીતે કરાવેલ, જેમાં એક પૂજા કુ.દેશના નામની બાલિકાએ ગાઇને સહુના દિલ જીતી લીધા. દરરોજ સાંજે આંગી રહેતી હતી. સાંજે ચોવિહારનો લાભ લઇ છુટા પડેલ. આ પ્રસંગે પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીએ ખાસ


**જયપુરી**

**કોટન ડ્રેસ મટીરીયલ/કુર્તી**

**હોલસેલ ભાવે એક્ઝીબીશન માટે મળશે.**

**પરીતા કલેક્શન** મો : 9619908833/7738844662

હાજરી આપેલ. તા.૫.૫.૧૩ના પૂ.યતિ મોતીસાગરજીના વિધિ વિધાન સાથે શ્રી લઘુ શાંતિ સ્નાત્ર સંગીતકાર શ્રી રાહુલભાઇ જૈનના સથવારે રહેલ. આ પ્રસંગે અનેક સાધ્વીજી મ.સા.એ નિશ્રા આપેલ, સાંજે ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. ભોજનની સુંદર વ્યવસ્થા ફાઇવસ્ટાર કેટરર્સે સંભાળેલ.

## 'અનંતછાયાં'નો ચુકાદો હવે જુનમાં

'અનંતછાયા' વેચાણ અંગે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ લીધેલ નિર્ણયને પડકારતી વિરોધકર્તા પક્ષકારોની રીટ પીટીશનો બાબતે મુંબઇ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી નિતિન જામદાર પોતાનો ચુકાદો કોર્ટ વેકેશન પ્રારંભ પૂર્વે (૧૦મે પહેલાં) આપવા કોશિશ કરશે તેવું તેમણે છેલ્લી સુનાવણી વખતે (૨૪ એપ્રિલના) જણાવેલ, પરંતુ તેમની અન્ય ડીવીઝન બેંચમાં આંશિકપણે નિમણૂંક થતા, આ ચુકાદો તેઓ આપી શક્યા નથી અને હવે કોર્ટમાં વેકેશન હોતાં ૧૦ જૂન પછીજ આ ચુકાદો અપાશે. હાઇકોર્ટમાં કેસોની સુનાવણીની આગામી તારીખો કોમ્પ્યુટર દ્વારા, તેના વિષિષ્ટ સોફ્ટવેર આધારિત અપાતી હોતાં હાલ કોમ્પ્યુટર પર ઉક્ત કેસોની આગામી તારીખ ૧૪ જૂન ૨૦૧૩ દર્શાવવામાં આવી છે.

## ૮મા વસતિપત્રકની માહિતીનું ચેકીંગ

જ્ઞાતિના ૮મા વસતિપત્રકની માહિતી સુધારા/વધારાની શક્યતા સાથે વસતિપત્રકની વેબસાઇટ www.kdovastipatrak.net પર છે. જ્ઞાતિજનોએ પોતાની માહિતી ચેક કરી તેમા ભૂલ કે સુધારાવધારા હોય તો વસતીપત્રક સમિતિની મુલુન્ડ (વેસ્ટ) ઓફીસે શ્રી રમેશ મોતાનો સંપર્ક સાધવા જણાવાયું છે. ફોન : 09920855259

## 'અનંતછાયાં'મા મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર દ્વારા જી.વી.સી. સંઘના સથવારે તા.૨૪.૫.૧૩ના સવારે ૧૦થી૪ દરમ્યાન અનંતછાયા-ઘાટકોપરમાં હાડકા-સાંધાની તકલીફવાળા દર્દીઓ માટે ખાસ કેમ્પનું આયોજન છે. લાભ લેવા ઇચ્છુકો રૂા.૫૦ ત્યાં આપી અગાઉથી નામ નોંધાવવા સંપર્ક : 09892372777

## પરસ્પર સંમતિથી લગ્ન છુટા

**૨૭.૪.૧૩**

| | | |
|---|---|---|
| મુલુન્ડ | નેમીન નેણશી ખોના | સાંઘવ ૨૬ |
| ડોંબિવલી | સોનલ રાજેન્દ્ર કુંવરજી લોડાયા | બાંઠિયા ૨૬ |

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

સંઘ દ્વારા જ્ઞાતિછાત્રો માટે રાહતદરે નોટબુક વિતરણ તા.૧૯.૫ થી ૩૦.૬ દરમ્યાન કરાશે. ૨૦૦ પાનાં જંબો નોટબુક રૂા.૬૦ પ્રતિ ડઝન અને જંબો લોંગબુક રૂા.૨૦૦ પ્રતિ ડઝન, ધોરણ ૮ થી ઉપરના વિદ્યાર્થી દીઠ માર્કશીટ સામે એક ડઝન નોટબુક વિવિધ કેન્દ્રો પરથી મળશે.

એસ.એસ.સી. કે તે પછીના છાત્રોએ પરિણામ મોકલવા. શ્રી લાલજી રામજી બુક બેંક યોજના હેઠળ કોલેજના પુસ્તકો રાહતદરે કે જરૂરતમંદોને નિઃશુલ્ક તા.૫/૫ થી ૨૯/૯ સુધી કાર્યાલય દર રવિવારે ૧૨ થી ૨ મા મળશે. વધુ વિગત માટે સંપર્ક : 9579787800 / 9833818193

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જાલના

અત્રે ચંદ્રપ્રભુ જિનાલયના ટ્રસ્ટબોર્ડમાં શ્રી પ્રદીપ કેશવજી શિયાડ (જખૌ) સર્વાનુમતે ટ્રસ્ટી પદે ચુંટાયા છે. તેઓની ખજાનચી પદે નિયુક્તિ થઇ છે. હાર્દિક અભિનંદન.

## પુ. મુનિ હીંકારસાગરજી મ.સા.

પૂજ્ય શ્રી હાલ પાલી( રાજસ્થાન)માં છે. તેમની ૮૦મી ઓળીનું પારણું તા.૮.૪ના થયું. તેઓ ૮૧ વર્ષની વયે પણ સતત તપસ્યા સાથે આત્મકલ્યાણ સાધના કરી રહ્યા છે. સં.૨૦૩૨ થી તેમણે બ્યાસણાથી નીચે તપ કર્યું નથી જે અનુમોદનીય છે. પૂ. મુનિ કમલપ્રભસાગરજી આ.ઠા.ની નિશ્રામાં ગૌતમ-ગુણ વિહાર વિરતી ધામ તીર્થનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે.


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ઉત્તમ ભવાનજી લોડાયા** | # ૫૦, એસ.બી. રોડ, વી.વી. પુરમ, બેંગલોર-૫૬૦૦૦૪. ફોન : 09480633091 |
| **જયચંદ પુનશી નાગડા** | પ્લોટ ૬૨૩, ૧લે માળે, ૨૯મો મેઇન, જે.પી. નગર, છુઠ્ઠો ફેઝ, બેંગલોર-૫૬૦૦૭૮ |
| **લાજેશ આર. મોતા** | ઈ-૩૦૪, કેશવકુંજ-૧, પ્લોટ ૩૮-૪૫, સેક્ટર ૩૦, સાનપાડા, નવી મુંબઈ-૪૦૦૭૦૫ |
| **મેહુલ અરવિંદ દંડ** | ૧૪, ચાંગદેવ સદન, ૪થે માળ, સુભાષ રોડ, નવાપાડા, ડોંબિવલી (વેસ્ટ) ફોન : 09819850210 |
| **કિર્તીકુમાર જીવરાજ પોલડીયા** | ઓમ વિલ્લા, ૩૧/૫૧-એ, વી.ઓ. રોડ, જૈન મંદિર પાસે, બડગરા-૬૭૩૧૦૧ (કેરલા) ફોન : 09341238727 / 0496-2514495 |
| **વિક્રાંત વનપાલ ધરમશી** | # ૮૭, બીજો ક્રોસ, આર.કે.ગાર્ડન્સ, RMV બીજો સ્ટેજ, મઠેકેરી પોસ્ટ, બેંગ્લોર-૫૬૦૦૯૪ ફોન : 09886779980 / 080-23603646 |
| **જિગર દિલીપ નાગડા** | ૨૦૨, કસ્તુરી ટાવર, સેક્ટર-૮, ઐરોલી નવી મુંબઇ-૪૦૦ ૭૦૮. ફોન : 09320603366 |
| **રાયચંદ એન. છેડા** | ગુલાબ વિહાર કોલોની, બંગલો-૭૯, શિહોર, એમ.પી.-૪૬૬૦૦૧ |
| **વિરેશ ડી. નાગડા** | ૧૦૩, શ્રી સ્વામી સમર્થ, પ્લોટ ૫૦૨, સેક્ટર-૩૬, સીવુડ્સ, નેરૂલ (વે), નવીમુંબઇ-૪૦૦૭૦૬ |

## નવા/બદલાયેલા ફોન નંબર

**લાજેશ આર. મોતા** નવી મુંબઇ - **9619370765** **ભૂમી મોતા** નવી મુંબઇ- **09022687464**

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.ફુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૭.૨.૧૩ | ડોંબિવલી | ARLO050203 | ભુમીત-સ્વાતી/પિંકેશ ભરત લોડાયા | આરીખાણા | પુત્ર |
| ૨૧.૪.૧૩ | દાવણગેરી | NLLO140503 | માહી-પૂર્વી/ગૌરવ બિપીનકુમાર લોડાયા | નલીયા | કન્યા |
| ૨૭.૪.૧૩ | ભાંડુપ | VRDD012503 | નૈશા-દિવ્યા/કુંજ સતેન્દ્ર દંડ | વરાડીયા | કન્યા |
| ૦૩.૫.૧૩ | ડોંબિવલી | DADD040303 | જીયાના-મહેક/મનીષ નરેન્દ્ર દંડ | દલતુંગી | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૧.૫.૧૩ | વાપી | NLNG280502 | ઉપેન્દ્ર રામજી કુંવરજી નાગડા | નલિયા | ૩૪ |
| | મુલુન્ડ | TRLO100203 | આરતી અજીત માલશી લોડાયા | તેરા | ૨૮ |
| ૧૦.૫.૧૩ | ડોંબિવલી | KRMT | રિતેશ દિનેશ જેઠાભાઇ મોતા | કોઠારા | ૨૯ |
| | અંકલેશ્વર | NCPA020704 | લિનાલી લક્ષ્મીચંદ પદમશી પનપરીઆ | નાગ્રેચા | ૨૮ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧.૪.૧૩ | ટેક્સાસ(USA) | KRDD010904 | સિદ્ધાર્થ પ્રફુલ ધનજી દંડ | કોઠારા | ૨૮ |
| | રાયપુર | SILO250103 | નિધિ હરીશ જવેરચંદ લોડાયા | સાંયરા | ૨૪ |
| ૦૨.૫.૧૩ | મુલુન્ડ | BHDD041103 | વિરલ રાજેશ મણીલાલ દંડ | ભરૂડીયા | ૨૪ |
| | ભાંડુપ | DALO011505 | પ્રિયા બંકિમ લખમશી લોડાયા | દલતુંગી | ૨૩ |
| ૦૬.૫.૧૩ | મુલુન્ડ | DALI042103 | નિરજ કિશોર ગોવિંદજી લાપસીયા | દલતુંગી | ૨૩ |
| | ડોંબિવલી | RADH011903 | તન્વી રાજેશ રામજી ધરમશી | રંગપુર | ૨૦ |

### આંતરજ્ઞાતિય લગ્ન છુટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૩.૧.૧૩ | સોલાપુર | VVVK | જીતેન કિર્તીકુમાર વિકમશી | વારાપધર | ૨૯ |
| | | A | જયશ્રી નારાયણ નતૂલ | સોલાપુર | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૭.૫.૧૩ | ચેકનાકા-મુલુન્ડ | DALI031101 | જયચંદ રતનશી વીરજી લાપસીયા | દલતુંગી | ૭૩ |
| ૦૭.૫.૧૩ | વડોદરા | JKKN080401 | કસ્તુરીબેન રમેશચંદ્ર માણેકજી ખોના | જખૌ | ૫૯ |
| ૦૭.૫.૧૩ | બોડેલી | TRKN020802 | કુસુમબેન મુલજી પદમશી ખોના | તેરા | ૭૬ |

# CONGRATULATIONS!!!



## Shweta SharadKumar Lodaya

CFA (Chartered Financial Analyst), M.Com,
PGDBO (Post Grad. Dip. in Banking Operations),
Currently pursuing MS.Finance.

DOB: 17-11-1985

Working with CRISIL Pvt Ltd, Pune,
since 4 years, promoted as
Senior Rating Analyst.

Wishing you all the very best for
your future achievements.

***Blessings:***

***Raichand Pasvir Lodaya & Family (Gadag)***
***Paternal GrandParents: Navalben Raichand Lodaya (Saira-Gadag)***
***Maternal GrandParents: Manju Navinchandra Maheshwari (Bandia - Hyderabad)***
***Mother - Father: Smita SharadKumar Lodaya (Gadag)***

***Phone/ email: 09844074299/ sharadlodaya@yahoo.com***

## લગ્ન સંબંધી



### મિલેશ દિલીપ નાગડા

B.E. (Mech. Engg.)
(નલીયા-બેંગલોર)
જન્મ તા.૩.૭.૧૯૮૪

સીનીયર સેલ્સ ઇન્જીનીયર - સ્પ્રેયીંગ સીસ્ટમસ ઇન્ડીયા (પ્રા.) લિ.
(અમેરિકા સ્થિત સ્પ્રેયીંગ સિસ્ટમસ કું.ની સબસીડીયરી કું.)

• અમી આશિર્વાદ •

દાદાણાં : મધુરીબાઇ રતીલાલ ડુંગરશી નાગડા (અલ્પઇ-અગાશ)
નાનાણાં : લક્ષ્મીબાઇ રતીલાલ પદમશી લાલકા (લાલા-અંધેરી)
માતા-પિતા : કૈલાશ અને દિલીપ નાગડા (કોચીન)
મો : 09349280883
બહેનો : રક્ષિતા કપિલ મોમાયા (રાયપુર-બેંગલોર)
મો : 09342475247
કોશાલી દિલીપ નાગડા (કોચીન)

## સુખી લગ્નજીવનની સુવર્ણ જયંતીના વધામણાં



### શ્રી પ્રેમચંદ લઘુભાઇ લોડાયા-સૌ.પ્રભાવંતી પ્રેમચંદ

(મોટી સિંધોડી-ભાંડુપ)

સુદીર્ઘ સહજીવનનો આપ બન્યા આદર્શ
આપને વધાવતા સૌ સ્વજનોને હૈયે માયે નહિ હર્ષ

• અમી આશિર્વાદ •

**માતુશ્રી ખેતબાઇ લઘુભાઇ લોડાયા પરિવાર**
**માતુશ્રી માનબાઇ આણંદજી છેડા પરિવાર**

પુત્રવધુ-પુત્ર : સૌ.હર્ષિકા દિપ્તન લોડાયા, સૌ.કલ્પિ કેતન લોડાયા
દીકરી-જમાઇ : સૌ. નિતા અજય દંડ (પુના)
સૌ. ભારતી રમેશ મોતા (મુલુન્ડ)
સૌ. જાગૃતી હરેશ જીવાણી (ડોંબિવલી)
પૌત્ર-પૌત્રી : દર્પણ, આરજુ
દોહિત્ર-દોહિત્રી : ધીરજ, વિશાલ, તેજલ, રૂપલ

એવમ્ સમસ્ત લોડાયા પરિવાર, સગાસંબધીઓ અને મિત્રગણ

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 • day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

।। ૐ હ્રીં અર્હં નમઃ ।।

# શ્રી શત્રુંજય મહાતીર્થ રક્ષા વિચાર-વિમર્શ

ચૈત્ર સુદ-૧૪ કેસરીયાનગરે પૂ.આ.શ્રી વિજય હેમચંન્દ્ર સૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ.શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં....

પાલીતાણા શત્રુંજય મહાતીર્થની સળગતી સમસ્યાઓના ઉકેલ માટે દરેક ગુરુ ભગવંતો ઉપસ્થિત થયા અને મહાતીર્થની રક્ષા-પવિત્રતા અંગે વિસ્તારથી ચર્ચા વિચાર-વિમર્શ કર્યા બાદ દરેક-ગુરુ ભગવંતોને તાકીદે પગલા ભરવાં જરૂરી લાગ્યા છે. તેથી આ અંગે ગિરિરાજની પાવનભૂમિ પર ચાતુર્માસ, ૯૯ યાત્રા, ઉપધાનતપ, છરીપાલિતસંઘ, શિબિરો વગેરે સમૂહ આરાધનાના અનુષ્ઠાનો માંગલિક રાખવાના વિચારોમાં અમે બધા સહમત થયા છીએ.



પૂ.આ.શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.
પૂ.આ.શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.
પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.
પૂ.આ.શ્રી વિજય રાજયશસૂરીશ્વરીજી મ.સા
પૂ.આ.શ્રી પ્રદ્યુમ્નસુરીશ્વરજી મ.સા.
પૂ.આ.શ્રી વિજય કલાપ્રભસુરીશ્વરજી મ.સા.
પૂ.આ.શ્રી વિજય કલ્પતરૂસુરીશ્વરજી મ.સા.
પૂ.આ.શ્રી વિજય પ્રભાકરસુરીશ્વરજી મ.સા.
પૂ.આ.શ્રી અપૂર્વમંગલરત્નસુરીશ્વરજી મ.સા.
પૂ.આ.શ્રી વિજય મહાપદ્મસુરીશ્વરજી મ.સા.
પૂ. ઉપાધ્યાય શ્રી પુંડરીક વિજયજી મ.સા.
પૂ. પંન્યાસ શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા.
પૂ.પંન્યાસ કુલચન્દ્ર વિજયજી મ.સા.
પૂ. ગણિવર્યશ્રી રમ્યદર્શન વિજયજી મ.સા.
પૂ. મુનિપ્રવર શ્રી વિમલસાગરજી મ.સા. આદિ ઠાણા

આપશ્રી પણ આ ક્ષેત્રમાં થઇ રહેલી આશાતના-વિરાધના-ન્યુસન્સ, અનેક બદીઓ વગેરેથી સારી રીતે માહિતગાર અને ચિંતિત છો.... તો તીર્થરક્ષા પવિત્રતાને જાળવવાના શુભ નિર્ણયમાં આપણા સહુની સંમતિ અને સહુનો હાર્દિક સહકાર અનિવાર્ય છે, ત્યારે આ અંગેનો નિર્ણયો હવે વિલંબમાં રહેશે તો વધુ જોખમો અને વધુ પરેશાનીઓ ભોગવવી પડશે. તે માટે ઉપરોક્ત અનુષ્ઠાનો માંગલિક રહે તે અત્યંત જરૂરી છે.

**આપશ્રીના મંતવ્યો મોકલશો.**
**એક વાકયતા... એક અવાજ... એક સહકારની અપેક્ષા સહ...**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**